RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 353* Date: 20.10.2022, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ૪જી એટલે સાઈકલ અને ૫ જી એટલે વિમાન

# હું ગામડે ગામડે ગયો હતો અને લોકોને દીકરીઓને શાળાએ મોકલવા મનાવ્યા હતા

## પીએમ મોદી સ્કૂલમાં બાળકો સાથે ક્લાસરૂમમાં બેઠેલા જોવા મળ્યા હતા



ગાંધીનગર,તા.૧૯

ગુજતરમાં ચૂંટણી પડઘમ વાગી રહ્યા છે ત્યારે પૂર્વ મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારંવાર વતનની મુલાકાતે આવી રહ્યા છે. હાલ ગુજરાત પ્રવાસે આવેલા વડાપ્રધાન મોદીએ બુધવારે ગાંધીનગરમાં મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદી સ્કૂલમાં બાળકો સાથે ક્લાસરૂમમાં બેઠેલા જોવા મળ્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સના લોકાર્પણ દરમિયાન કહ્યું હતું કે, ''હું ગુજરાતના તમામ લોકોને, તમામ શિક્ષકોને અને તમામ યુવા સાથીઓને અભિનંદન આપું છું, હું મારી શુભકામનાઓ પાઠવું છું. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે હવે એજ્યુકેશન સિસ્ટમ સ્માર્ટ બની છે અને ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા સુધરી છે.

આ દરમિયાન એક નિવેદન ચર્ચામાં રહ્યું હતું કે જેમાં વડાપ્રધાન મોદીએ ૫જી અને ૪જી વચ્ચેનો તફાવત પણ સમજાવ્યો અને કહ્યું કે જો ૪જી સાયકલ છે, તો ૫જી એ એરપ્લેન છે. મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સનું લોકાર્પણ કર્યા બાદ પીએમ મોદીએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે છેલ્લા બે દાયકામાં ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ પરિવર્તન આવ્યું છે. ૨૦ વર્ષ પહેલા ૧૦૦માંથી ૨૦ બાળકો શાળાએ જતા ન હતા. એટલે કે, પાંચમો ભાગ શિક્ષણથી વંચિત હતો. શાળાએ ગયેલા ઘણા બાળકોએ આઠમા ધોરણમાં પહોંચતાની સાથે જ શાળા છોડી દેતા હતા. દીકરીઓની હાલત ખરાબ હતી એ પણ કમનસીબી હતી. પહેલા છોકરીઓને શાળાએ મોકલવામાં આવતી ન હતી.

તેમણે કહ્યું કે હતું કે મુખ્યમંત્રી તરીકે હું પોતે ગામડે ગામડે ગયો અને તમામ લોકોને વિનંતી કરી કે તેઓ તેમની દીકરીઓને શાળાએ મોકલે. પરિણામ એ આવ્યું કે આજે ગુજરાતમાં લગભગ દરેક પુત્ર-પુત્રી શાળાએ પહોંચવા લાગ્યા છે. શાળા પછી તેમણે કોલેજ પણ જવાનું શરૂ કર્યું છે. ગુજરાતમાં સૌપ્રથમ વખત, અમે શિક્ષક તાલીમ યુનિવર્સિટી, શિક્ષક શિક્ષણ સંસ્થાની સ્થાપના કરી હતી.

મોદીએ કહ્યું હતું કે આજે ગુજરાત અમૃત કાલની અમૃત પેઢીના નિર્માણની દિશામાં એક મોટું પગલું ભરી રહ્યું છે. વિકસિત ભારત માટે આ એક વિકસિત ગુજરાતના નિર્માણની દિશામાં એક સીમાચિહ્ન સાબિત થવા જઈ રહ્યું છે. આપણે ૧ જી થી ૪જી સુધી ઈન્ટરનેટની સેવાઓનો ઉપયોગ કર્યો છે. હવે ૫જી દેશમાં મોટું પરિવર્તન લાવવા જઈ રહ્યું છે. આજે ૫જી સ્માર્ટ સુવિધાઓ, સ્માર્ટ ક્લાસરૂમ્સ, સ્માર્ટ ટીચિંગથી આગળ વધીને આપણી એજ્યુકેશન સિસ્ટમને આગલા સ્તર પર લઈ જશે. હવે શાળાઓમાં પણ વર્ચ્યુઅલ રિયાલિટી, ઈન્ટરનેટ ઓફ થિંગ્સની શક્તિનો અનુભવ થઈ શકશે. બે દાયકામાં ગુજરાતની જનતાએ તેમના રાજયની શિક્ષણની કાયાપલટ કરી બતાવી છે.

આ બે દાયકામાં ગુજરાતમાં ૧.૨૫ લાખથી વધુ નવા વર્ગખંડો બનાવવામાં આવ્યા છે, બે લાખથી વધુ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ ક્ષેત્રે કંઈક અલગ કરવું એ ગુજરાતના ડીએનએમાં છે, નવી શિક્ષણનીતિ ગુલામીની માનસિકતાથી બહાર કાઢી નવું જ્ઞાન આપશે. આજે ગુજરાત અમૃતકાળની અમૃત પેઢીનું નિર્માણ તરફ એક મોટું કદમ ઉઠાવી રહી છે ૨૦ વર્ષ પહેલાં ગુજરાતમાં ૧૦૦માંથી ૨૦ ટકા બાળકો સ્કૂલ જ જતા નહોતા, વિદ્યાર્થીઓ ધોરણ ૮મા સુધી માંડ માંડ ભણતા. આપણે શિક્ષા ગુણવત્તા પર સૌથી વધારે બળ આપ્યું, બે લાખથી વધુ શિક્ષકોની ભરતી કરાઇ, બે દસકામાં સવા લાખથી વધુ ક્લાસરુમ બન્યાં, આપણે બે દસકામાં ગુજરાતના લોકોએ શિક્ષણની કાયા પલટ કરી નાંખી છે.

એક દસકા પહેલાં ગુજરાતના ૧૫ હજાર સ્કૂલોમાં ટીવી પહોંચી ગયા હતા. નવી શિક્ષણનીતિનો ગુજરાતમાં અમલ થતો દેખાય છે નવી શિક્ષણનીતિ ગુલામીની માનસિકતાથી બહાર કાઢી નવું જ્ઞાન આપશે પહેલાં ગુજરાતની ઓળખ એક વેપારીની હતીહવે ગુજરાતની ઓળખ મેન્યુફેક્ચરિંગથી થાય છે એક સમયે વિશ્વની સૌથી મોટી લાયબ્રેરી ભારતમાં હતી પહેલીવાર હું આદિવાસી વિસ્તારમાં ગયો ત્યારે મેં કહ્યું હું ભિક્ષા માંગવા આવ્યો છું, મને તમારા બાળકો આપો અને હું આંગળી પકડીને સ્કૂલ લઇ ગયો.ખેલમહાકુંભનું આયોજન પણ ગુજરાતે શરૂ કર્યું હતું.

રાષ્ટ્રીય ખેલ મહોત્સવ ગુજરાતમાં થયો, હું ખેલાડીઓ અને કોચના સંપર્કમાં રહું છું, એ મને શુભેચ્છાઓ આપે છે. પણ આનો શ્રેય ગુજરાત સરકારને જાય છે.આ પ્રસંગે રાજયપાલ આચાર્ય દેવવ્રત,મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ,શિક્ષણ મંત્રી સહિત કેબિનેટના મંત્રીઓ અને ભાજપના હોદ્દેદારો હાજર રહ્યાં હતાં

### જૂનાગઢ એટલે સિંહ અને નરસિંહની ધરતી

## કેટલાક રાજકીય પક્ષો ગુજરાતને અપમાનિત કરી રહ્યા છે, આની સામે ગુજરાતે લાલ આંખ કરવાની જરુર છે : વડાપ્રધાન

જૂનાગઢ,તા.૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જૂનાગઢને ૪ હજાર કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપી છે. પ્રધાનમંત્રી મોદીને આવકારવા જૂનાગઢના લોકોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. પીએમ મોદીએ આ પ્રસંગે સંબોધન કરતાં સંતો અને સિંહોને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે જૂનાગઢ એટલે સિંહની ધરતી અને નરસિંહની પણ ધરતી છે. ગુજરાતના પર્યટન ક્ષેત્ર માટેની રાજધાની જેવી તાકાત મારા જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદરની છે. ૨૦૦૧ પછી ઈશ્વરની કૃપા જુઓ છેલ્લા ૨૦ વર્ષમાં એકપણ વખત દુકાળ પડ્યો નથી. એક તરફ જનતાના અને બીજી તરફ કુદરતના આશીર્વાદથી વિકાસની ભેખ લઈ જીવન જોતરી દેવાનો આનંદ આવતો હોય છે.

જે દરિયામાં આપણને મુસીબત દેખાતી હતી, તે દરિયો આજે આપણને મહેનતના ફળ આપવા લાગ્યો છે. જે કચ્છનું રણ એની ધૂળની ડમરીઓ આપણા માટે મુસીબતો લઈને ફરતી હતી, તે કચ્છ આપણાં ગુજરાતની ધૂરા સંભાળતું હોય તે રીતે પ્રગતિ કરી રહ્યું છે. એકસમયે બસ કરીને લોકો મા નર્મદાના દર્શન કરવા જતા હતા. હવે, સમય પલટાયો આજે સૌરાષ્ટ્રના ગામડે ગામડાં મા નર્મદા પોતે આશીર્વાદ આપવા આવી રહી છે.ગુજરાતના માછીમારોની સુરક્ષા, સુવિધા અને કારોબાર માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બળ આપ્યું, જેનું પરિણામ એવું આવ્યું કે ૨૦ વર્ષમાં માછલીનું એક્સપોર્ટ સાત ગણું વધી ગયું. આજે ગુજરાતનો વિકાસ દરેક ક્ષેત્રમાં તેજ ગતિએ ચાલી રહ્યો છે, ૮ વર્ષમાં ડબલ એન્જિન સરકારનો ડબલ લાભ મારા ગુજરાતને મળ્યો છે. કિસાન ક્રેડિટકાર્ડથી ખેડૂતો, માછીમારો અને પશુપાલકો માટે બેંકમાંથી લોન લેવાનું સરળ થઇ ગયું. સાડા ત્રણ કરોડથી વધુ લોકો તેનો લાભ લઇ રહ્યા છે. પ્રધાનમંત્રીએ આગળ જણાવ્યું હતું કે કિસાન ક્રેડિટકાર્ડથી નજીવા વ્યાજે પૈસા મળે છે, શાહુકારના ઘરે જવું પડતું નથી, દેવાના ડુંગળ તળે દબાવવું પડતું નથી અને પોતાના ધંધાના વિકાસમાં રૂપિયાનો સાચો ઉપયોગ કરી શકે છે.

વડાપ્રધાને પોતાના સંબોધન દરમિયાન ખેડૂત, પશુપાલકો અને સાગરખેડૂના જીવનમાં કઈ રીતે બદલાવ લાવ્યા તેની વાત કરી હતી. તો સાથે ગુજરાતને બદનામ કરવાનો પ્રયાસ કરતા રાજકીય પક્ષો પર પણ આકરા પ્રહાર કર્યા હતા. જૂનાગઢમાં વડાપ્રધાને પોતાના સંબોધન દરમિયાન કોઈપણ પક્ષનું નામ લીધા વિના વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું હતું કે, ગુજરાતમાં કોઈપણ સારું થાય, ગુજરાત પ્રગતિ કરે તો તેના પેટમાં ઉંદરડા દોડવા લાગે છે. ગુજરાત અને ગુજરાતીઓને ગાળો આપ્યા વિના કેટલાક રાજકીય પક્ષોની રાજકીય વિચારધાર જ અધૂરી રહે છે. આની સામે ગુજરાતે આંખ લાલ કરવાની જરુર છે. હવે ગુજરાતનું અને ગુજરાતીનું અપમાન ગુજરાતની ધરા સહન નહીં કરે.

વડાપ્રધાને ઉમરગામથી લખપત કોસ્ટલ હાઈવે માર્ગ-મકાન વિભાગના રૂ. ૨૪૪૦ કરોડ, જૂનાગઢ જિલ્લાના મેંદરડા, વંથલી અને કુતિયાણામ પાણીપુરવઠા યોજનાનાં કામો રૂ. ૧૪૨.૯૨ કરોડ, પોરબંદર ભૂગર્ભ ગટર અને ગીર સોમનાથ જિલ્લામાં રેલવે ઓવરબ્રિજનાં કામનું રૂ.૧૦૫.૪૨ કરોડ, પોરબંદરમાં રૂ.૧૨.૨૮ કરોડના ખર્ચે મત્સ્ય બંદર ખાતે મેઈન્ટેનન્સ ડ્રેજિંગ યોજના, ગીર સોમાનાથ જિલ્લામાં માઢવાડ, સુત્રાપાડા, અને વેરાવળમાં મત્સ્ય બંદર વિકાસ યોજનાના કામોનું રૂ.૮૩૪.૧૨ કરોડ, પોરબંદરમાં મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, માધવપુરમાં શ્રીકૃષ્ણ રૂક્ષ્મણી યાત્રાધામના વિકાસ કાર્યો તથા જૂનાગઢના વંથલી ખાતે નાબાર્ડની યોજના અન્વયે બિયારણ, ખાતર અને કૃષિ પેદાશના સંગ્રહ માટે ગોડાઉનની યોજના રૂ.૬૦૨.૪૩કરોડના કામોની જાહેરાત અને ખાતમુહૂર્ત વડાપ્રધાનદ્વારા કરવામાં આવ્યું.

## પહેલા કોરોના હવે યુદ્ધ / યુ.કે.માં લાખો લોકો સામે ખાવાનું સંકટ

નવીદિલ્હી,તા.૧૯

યુનાઈટેડ કિંગડમમાં લાખો લોકો ખોરાકની અસલામતીને કારણે દિવસ માટે તેમનું ભોજન ખાઈ શકતા નથી. છેલ્લા કેટલાક મહિનામાં સ્થિતિ વધુ વણસી છે. ખાસ કરીને જ્યારે રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો છે. યુનાઈટેડ કિંગડમમાં લોકો યુદ્ધ પછીથી લોકોને ભરપેટ ખાવાનું નથી મળતું. શરૂઆતમાં, કોરોના વાયરસ રોગચાળાએ દેશની અર્થવ્યવસ્થાને મોટો ફટકો આપ્યો હતો, હવે યુક્રેનમાં યુદ્ધને કારણે ખાદ્યપદાર્થોના પુરવઠાને ભારે અસર થઈ છે.

ફૂડ ફાઉન્ડેશન ચેરિટીના રિપોર્ટ અનુસાર યુક્રેનમાં યુદ્ધની સીધી અસર યુનાઈટેડ કિંગડમ પર પડી છે. જેના કારણે દેશમાં મોંઘવારી પણ વધી છે. સ્થિતિ એવી બની છે કે સપ્ટેમ્બર મહિનામાં પાંચમાંથી એક ઓછી આવક ધરાવતા પરિવારને ખોરાકની અછતનો સામનો કરવો પડ્યો છે. ડેટા દર્શાવે છે કે સપ્ટેમ્બરમાં ૧૮ ટકા પરિવારોને તેમના ખોરાકનું પ્રમાણ ઘટાડવાની ફરજ પડી હતી. જ્યારે ૬ ટકા લોકોએ કહ્યું કે તેમનો આખો દિવસ ખાધા વિના જ જાય છે.

રિપોર્ટ અનુસાર યુનાઈટેડ કિંગડમ ખાદ્ય અસુરક્ષાના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. ૨૦૨૨ની શરૂઆતથી દેશમાં ખાદ્ય અને ઊર્જાના ભાવમાં વધઘટ થઈ રહી છે. જ્યારે સરકારે સમસ્યાને દૂર કરવા માટે ઘણા પગલાં લીધાં છે, ત્યારે દેશના સૌથી સંવેદનશીલ પરિવારોની સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે.

ડેટા એ પણ દર્શાવે છે કે ખોરાકની અસુરક્ષાને કારણે બાળકો સૌથી વધુ અસરગ્રસ્ત છે. પરિસ્થિતિ એવી બની છે કે આર્થિક રીતે નબળા પરિવારોએ સરકાર પાસે બાળકો માટે મફત ભોજનની વ્યવસ્થા કરવાની માંગ ઉઠાવી છે. હજુ સુધી મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં આવું કરવામાં આવ્યું નથી.

ધ ગાર્ડિયન સાથે વાત કરતા, ચેરિટીના ચીફ એક્ઝિક્યુટિવ નાઓમી ડંકને કહ્યું, ''સ્થિતિ ખરાબથી ખરાબ થઈ રહી છે. અમે સરકાર પાસે માંગ કરીએ છીએ કે દેશના તમામ આર્થિક રીતે નબળા પરિવારોના બાળકો માટે શાળામાં મફત ભોજનની વ્યવસ્થા કરવામાં આવે. જેથી મદદની સૌથી વધુ જરૂર હોય તેવા લોકો સુધી પહોંચી શકાય.

## પેટાચૂંટણીમાં ઈમરાન ખાન સાત બેઠકો પર લડ્યા જેમાંથી ૬ બેઠક પર વિજય થયો

ઈસ્લામાબાદ,તા.૧૯

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને લગભગ છ મહિના પહેલા પદ પરથી હટાવ્યા બાદ પણ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. પેટાચૂંટણીમાં મુખ્ય મુકાબલો વડાપ્રધાન શાહબાઝ શરીફની પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ અને ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ વચ્ચે હતો. રવિવારે (૧૬ ઓક્ટોબર) આઠ નેશનલ એસેમ્બલી સીટોની પેટાચૂંટણીમાં, પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) ના ૭૦ વર્ષીય નેતાએ સાત બેઠકો પર ચૂંટણી લડી હતી અને તેમાંથી છ પર જીત મેળવી હતી.

નોંધનીય છે કે ઈમરાન ખાન ૨૦૧૮ની સામાન્ય ચૂંટણીમાં ૫ બેઠકો પરથી ચૂંટણી લડી ચૂક્યા છે અને તે સમયે તેમણે તમામ બેઠકો જીતી હતી. તે જ સમયે, પેટાચૂંટણીમાં શાસક ગઠબંધનનો ભાગ બનેલા પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના ઉમેદવારોએ અન્ય બે બેઠકો પર જીત મેળવી હતી.

પાકિસ્તાની કાયદા અનુસાર, એક ઉમેદવાર એકથી વધુ બેઠકો પર ચૂંટણી લડી શકે છે. જો કે, જો તે એક કરતાં વધુ બેઠકો જીતે છે, તો તેણે એકની પસંદગી કરવી પડશે અને બાકીની બેઠકો છોડવી પડશે.

## લઘુમતીઓના અધિકારોનું રક્ષણ કરવાની ભારતની જવાબદારી, યુએન સેક્રેટરી જનરલ ગુટેરેસની સલાહ

મુંબઈ,તા.૧૯

ભારત આવેલા સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે દેશમાં લઘુમતીઓના અધિકારોનું રક્ષણ કરવાની સલાહ આપી છે. બુધવારે આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે કહ્યું કે અહીં માનવાધિકારનું રક્ષણ કરીને જ વિશ્વમાં સ્વીકૃતિ અને વિશ્વસનીયતા પ્રાપ્ત કરી શકાય છે. એન્ટોનિયો ગુટેરેસે કહ્યું કે અહીં માનવાધિકારના સન્માન માટે મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવવાથી જ ભારતના શબ્દોને વિશ્વભરમાં સ્વીકૃતિ અને વિશ્વસનીયતા હાંસલ થઈ શકે છે.અહીં આઈઆઈટી-બોમ્બેના વિદ્યાર્થીઓને સંબોધતા ગુટેરેસે કહ્યું, ''માનવ અધિકાર પરિષદના ચૂંટાયેલા સભ્ય તરીકે, વૈશ્વિક માનવ અધિકારોને આકાર આપવાની અને લઘુમતી સમુદાયોના સભ્યો સહિત તમામ વ્યક્તિઓના અધિકારોનું રક્ષણ અને પ્રોત્સાહન આપવાની જવાબદારી ભારતની છે. બહુલતાનું ભારતીય મોડલ એક સરળ છતાં ઊંડી સમજણ પર આધારિત છે.

વિવિધતા એક એવી ગુણવત્તા છે જે તમારા દેશને મજબૂત બનાવે છે. આ સમજવું એ દરેક ભારતીયનો જન્મસિદ્ધ અધિકાર છે, પરંતુ તેની ગેરંટી નથી. તેને દરરોજ વધુ સારું, મજબૂત બનાવવું જોઈએ.તેમણે કહ્યું, 'મહાત્મા ગાંધીના મૂલ્યોને અપનાવીને, સમાવેશ માટે નક્કર પગલાં લઈને, તમામ લોકોના અધિકારો અને ગરિમાનું રક્ષણ કરીને, ખાસ કરીને અત્યંત સંવેદનશીલ વર્ગના લોકો, બહુ-સાંસ્કૃતિક, બહુ-ધાર્મિક અને બહુ-વંશીય સમાજો. આ પ્રચંડ મૂલ્ય અને યોગદાનને ઓળખીને કરી શકાય છે. ગુટેરેસે પત્રકારો, માનવાધિકાર કાર્યકરો, વિદ્યાર્થીઓ અને શિક્ષણવિદોના અધિકારો અને સ્વતંત્રતાઓનું રક્ષણ કરવાની અને ભારતના ન્યાયતંત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.યુએનના નેતાએ કહ્યું, ''બાકી વિશ્વની જેમ, ભારતે પણ લિંગ સમાનતા અને મહિલાઓના અધિકારોને પ્રોત્સાહન આપવા માટે ઘણું બધું કરવાની જરૂર છે.'' તે નૈતિક રીતે ફરજિયાત છે.

## તંત્રી સ્થાનેથી...

# ચૂંટણીની ઔપચારિકતા



*કોંગ્રેસમાં નવા અધ્યક્ષ માટેની ચૂંટણીનું મતદાન સંપન્ન થયા બાદ હવે શું પરિણામ આવશે તેની સૌને પ્રતિક્ષા છે. પરંતુ એ પણ લગભગ નિશ્ચિત છે કે પક્ષનું સુકાન કોના હાથમાં રહેશે? જો કે કોઈ ચમત્કાર નહીં થાય તો કોંગ્રેસના નવા અધ્યક્ષ ૮૦ વર્ષના મલ્લિકાર્જુન ખડગે જ બનશે. જો કે તેની પાછળનું એક કારણ એ છે કે તેઓ ગાંધી પરિવારની પસંદ છે!, જેમની ઈચ્છા વિના પક્ષમાં પાંદડું પણ હલી શકતું નથી.*

*એ પણ સ્પષ્ટ છે કે ભલે ખડગેને પક્ષના અધિકારિક ઉમેદવાર તરીકે રજૂ ન કરાયા હોય પરંતુ અશોક ગેહલોતની ઉમેદવારી ઘોંચમાં મૂકાયા બાદ અચાનક તેઓ અધ્યક્ષપદના ઉમેદવાર બન્યા અને તેમણે ખુદ કહયું હતું કે, તેઓને ચૂંટણી લડવા માટે કહેવાયું હતું. આથી એ વાતમાં કોઈ સંશય નથી કે કોંગ્રેસ નેતૃત્વ મતલબ કે ગાંધી પરિવાર પણ ગેહલોતને અધ્યક્ષ બનાવવા ઈચ્છુક હતો. જેમાં બાકીની કસર મલ્લિકાર્જુન ખડગેના એ નિવેદને પૂરી કરી કે, તેઓ એટલા માટે ચૂંટણી લડી રહ્યા છે કે ગાંધી પરિવારનો કોઈ સભ્ય ચૂંટણી લડી રહ્યો નથી.*

*આ વાત એ તરફે નિર્દેશ કરે છે કે, તેઓ ન ફકત ભારત જોડો યાત્રાનું નેતૃત્વ કરી રહેલ રાહુલ ગાંધી સાથે જોડાયેલા છે પરંતુ તેઓએ એ કહેવામાં પણ સંકોચ ન રાખ્યો કે તેઓ ગાંધી પરિવારના માર્ગદર્શનમાં કોંગ્રેસ ચલાવશે. જો કે કોંગ્રેસ કોઈપણ દાવો કરે પરંતુ એ વાત ટાળી ન શકે કે બે દસકા બાદ યોજાયેલ અધ્યક્ષપદની ચૂંટણી માત્ર ઔપચારિકતા બની છે. જેથી એ વાત પણ સ્પષ્ટ છે કે ગાંધી પરિવાર પક્ષ પરથી પોતાની પકકડ છોડવા માટે તૈયાર નથી! જો કે મલ્લિકાર્જુન ખડગે પર ગાંધી પરિવારે એટલા માટે ભરોસો દાખવ્યો કે તેઓ કોઈપણ પ્રકારે પડકારરૂપ બનશે નહીં. જો અગાઉની જેમ જ તમામ બાબતોનો નિર્ણય ખુદ ગાંધી પરિવાર જ લેશે તો કોંગ્રેસમાં કોઈ મૌલિક પરિવર્તનની આશા રાખવી વ્યર્થ છે.*

*જો કે મલ્લિકાર્જુન ખડગેને પડકાર આપવા શશી થરુરે ચૂંટણીમાં ઝૂકાવ્યું છે. જો કે આ ચૂંટણીથી એ આશા ન દાખવી શકાય કે કોંગ્રેસ કોઈ નવા વિમર્શ અને એજન્ડાથી લેસ થશે અથવા નવા અધ્યક્ષ પક્ષના કાર્યકરોમાં ઉત્સાહનો સંચાર કરી શકશે. મતલબ કે કોંગ્રેસ પક્ષ અત્યાર સુધી ચાલતો આવ્યો હતો તેમજ રહેશે. જેમાં અંતર માત્ર એટલું જોવા મળશે કે હવે કોઈપણ નિર્ણય અધ્યક્ષના નામ પર લેવાશે અને ચૂંટણીની અસફળતાઓનું ઠીકરું અધ્યક્ષના માથે ફોડવામાં આવશે. આ પ્રકારે નિશ્ચિતરુપે ગાંધી પરિવારનું પક્ષ પર પ્રભુત્વ કાયમ રહેશે. પરંતુ એ કહેવું મુશ્કેલ છે કે, તેનાથી કોંગ્રેસને રાજનૈતિકરુપે બળ મળી શકશે.જો શશી થરુરને અપેક્ષા કરતાં વધુ મત મળશે તો તેનાથી ન ફકત એ સિદ્ઘ થશે કે ગાંધી પરિવારનું મહત્વ ઘટી રહ્યું છે પરંતુ કોંગ્રેસમાં પરિવર્તનની આકાંક્ષા પણ વધતી જશે.*

# કોંગ્રેસના નવા અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે બન્યા,

### ૨૪ વર્ષ બાદ ગાંધી પરિવાર બહારના વ્યક્તિના હાથમાં સુકાન આવ્યુ

નવીદિલ્હી,તા.૧૯

દેશની સૌથી જૂની રાજકીય પાર્ટી કોંગ્રેસને આજે નવા અધ્યક્ષ મળી ગયા છે. સવારે ૧૦ વાગ્યાથી કોંગ્રેસના રાષ્ટ્રીય કાર્યાલયમાં મતની ગણતરી ચાલુ હતી ગણતરી પુરી થયા બાદ મલ્લિકાર્જૂન કોંગ્રેસના અધ્યક્ષ પદની ચુંટણી જીતી ગયા હતાં આ ચુંટણીમાં મલ્લિકાર્જૂન ખડગે અને શશિ થરુર વચ્ચે મુકાબલો યોજાયો હતો અને ૧૭ ઓક્ટોબરે મતદાન થયું હતું. ૯૯૧૫માંથી ૯૫૦૦થી વધારે ડેલિગેટ્સે વોટ કર્યા હતા. ૨૪ વર્ષ બાદ પહેલી વાર એવું થયું છે, જ્યારે કોઈ અધ્યક્ષ ગાંધી પરિવારથી બહાર ચૂંટાઈ આવ્યા છે. આ અગાઉ સીતારામ કેસરી બિન ગાંધી પરિવારમાંથી અધ્યક્ષ બન્યા હતા. કોંગ્રેસ પોતાના ૧૩૭ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વાર અધ્યક્ષ પદ માટે ૬ઠ્ઠી વાર ચૂંટણી કરી હતી.

મલ્લિકાર્જૂન ખડગે કોંગ્રેસના નવા અધ્યક્ષ બન્યા છે, અહીં ખડગેને કુલ ૭૮૯૭ વોટ મળ્યા હતા, જ્યારે શશિ થરુરને ૧૦૭૨ વોટ મળ્યા હતા, જ્યારે ૪૧૬ વોટ રદ થયા હતા. કુલ ૯૩૮૫ નેતાઓએ ૧૭ ઓક્ટોબરના રોજ વોટ નાખ્યા હતા. કોંગ્રેસ પાર્ટીના ૧૩૭ વર્ષના ઈતિહાસમાં છઠ્ઠી વાર અધ્યક્ષ પદ માટે ચૂંટણી થઈ છે. પાર્ટી મહાસચિવ જયરામ રમેશના જણાવ્યા અનુસાર અધ્યક્ષ પદ માટે અત્યાર સુધીમાં ૧૯૩૯,૧૯૫૦,૧૯૭૭ અને ૨૦૦૦માં ચૂંટણી થઈ છે. આ વખતે પુરા ૨૨ વર્ષ બાદ અધ્યક્ષ પદ માટે ચૂંટણી થઈ છે.શશિ થરૂરે મલ્લિકાર્જૂન ખડગેને ચૂંટણીમાં જીત બદલ શુભેચ્છા પાઠવી. તેમણે કહ્યું કે કોંગ્રેસનું અધ્યક્ષ બનવું મોટા સન્માન, મોટી જવાબદારીની વાત છે. હું મલ્લિકાર્જૂન ખડગેને તેમની ચૂંટણીમાં જીત બદલ શુભેચ્છા પાઠવું છું.

જેવા

આપણા સંબંધો સાત બારના ઉતારા જેવા,
આપણા સંબંધો પાણીપત્રકના ઉતારા જેવા.
પ્રેમનો કેટલો ફાલ ઉતરશે કે પ્રેમ ફેઈલ થશે,
સંબંધો મોલની આનાવારીના વરતારા જેવા.
ખેડુતની જમીન શાખ જોઈને પાક ધિરાણ મળે,
લાગણીની વ્યવહારો  શાહુકારના પથારા જેવા .
બારે મેઘ ખાંગા થાય કે ખેડુના શ્વાસ ચડી જાય,
પ્રેમમાં લંગસ લડાવે એટલે નોધારા કિનારા જેવા
ખેતીની બિનખેતી,નવી શરત જૂનીમાં ફેરવાય,
પ્રેમમાં ઉલટપુલટ સોડા વોટરના ઉભરા જેવા.
જમીનના સોદાઓની નોંધ મહેસૂલી દફતરે થાય
સખીની બેવફાઈના સોદા નોધારા ઉતારા જેવા.
ભરત વૈષ્ણવ
૧૯.૧૦.૨૨# કવિતા

# માંડવ્યઋષિની કથા

માંડવ્ય નામના એક વિખ્યાત મહાન સિદ્ધિવાન બ્રાહ્મણ જે ધૈર્યવાન,તમામ ધર્મોના જ્ઞાતા, સત્યનિષ્ઠ અને તપસ્વી હતા.ખાંડવવનમાં તેમનો આશ્રમ હતો.તેમને તપસ્યા દ્વારા ઘણી સિદ્ધિઓ પ્રપ્ત કરી હતી.તે પોતાના આશ્રમના દ્વાર ઉપર એક વૃક્ષ નીચે બંન્ને હાથોને ઉપર ઉઠાવી મૌનવ્રત ધારણ કરી ઉભા રહી કઠીન તપશ્ચર્યા કરતા હતા.

માંડવ્યઋષિના શાપથી ધર્મરાજાનો દાસીપુત્ર વિદુરજી તરીકે શુદ્રને ત્યાં જન્મ થયો હતો.માંડવ્ય ઋષિની કથા એવી છે કે એક વખત કેટલાક ચોરો રાજાના ખજાનામાં મૂલ્યવાન રત્નોનો ચોરી કરી હતી. તેમની પાછળ સૈનિકો પડ્યા એટલે પકડાઇ જવાના ડરથી રસ્તામાં આવતા માંડવ્યઋષિના આશ્રમમાં બધું ચોરેલ ધન-વૈભવ ફેંકીને આશ્રમમાં સંતાઇ જાય છે.આશ્રમમાં તપાસ કરતાં છુપાયેલ ચોરો પકડાઇ જાય છે.રાજાના ખજાનામાંથી ચોરાયેલ તમામ ધન સંપત્તિ જોઇને સૈનિકોએ માની લીધું કે માંડવ્યઋષિ જ ચોર છે એટલે ચોરોની સાથે તેમને પણ પકડીને ધન-સંપત્તિ સાથે રાજા સમક્ષ હાજર કરવામાં આવે છે.

રાજાએ પુરતી તપાસ કર્યા વિના ચોરો તથા માંડવ્યઋષિને પણ પ્રાણદંડની સજા કરવામાં આવે છે.માંડવ્યઋષિને શૂળી ઉપર ચઢાવવામાં આવે છે.ધર્માત્મા મહર્ષિ માંડવ્ય લાંબા સમય સુધી શૂળીના અગ્રભાગ બેસી રહેવા છતાં તથા ભોજન ન મળવા છતાં તેમનું મૃત્યુ થતું નથી.તેઓ શૂળીની અણી પર ગાયત્રી મંત્રાનો જાપ કરે છે.ચોવીસ કલાક થયા છતાં ઋષિના શરીરમાં શૂળીનો પ્રવેશ થયો નથી.ઋષિએ સ્મરણ કરીને ઋષિઓને પોતાની પાસે બોલાવ્યા.શૂળીની અણી ઉપર રહીને તપસ્યા કરનાર મહાત્માથી પ્રભાવિત થઇને તમામ તપસ્વી મુનીઓને દુઃખ થયું અને તેઓ રાત્રિના સમયે પક્ષીઓનું રૂપ ધારણ કરીને આવીને વિપ્રવર માંડવ્ય ઋષિને પુછે છે કે આપે એવું કયું પાપ કરેલું કે જેના ફળસ્વરૂપે શૂળી ઉપર બેસવાનું મહાન કષ્ટ પ્રાપ્ત થયું છે? ત્યારે મુનિ કહે છે કે હું કોના ઉપર દોષ લગાઉ? બીજા કોઇએ મારો અપરાધ કર્યો નથી.

ઋષિનું દિવ્ય તેજ જોઈ રાજાને લાગ્યું કે આ કોઈ ચોર નથી પણ પવિત્ર તપસ્વી મહાત્મા લાગે છે.ઋષિને શૂળી પરથી નીચે ઉતરાવ્યા.સઘળી હકીકત જાણી રાજાને દુઃખ થયું અને ઋષિની માફી માંગતા કહે છે કે મેં મોહ અને અજ્ઞાનતાવશ જે અપરાધ કર્યો છે તેના માટે આપ મારી ઉપર ક્રોધ ના કરશો મને માફ કરજો.માંડવ્યઋષિ કહે છે રાજન હું તને ક્ષમા આપીશ પણ યમરાજને માફ નહિ કરૂં.મેં પાપ નથી કર્યું તો મને આવી સજા કેમ? મુનિને શૂળી ઉપરથી ઉતારીને શૂળીનો આગળનો ભાગ જે મુનિના શરીરમાં ઘુસી ગયો હતો તેને કાઢવાનો પ્રયાસ કરવામાં આવે છે પરંતુ ન નીકળતાં અણીનો ભાગ તેમના શરીરમાં જ રહેવા દઇને કાપી નાખવામાં આવે છે.તેમના શરીરમાં શૂળીનો અગ્રભાગ લઇને ફરતા હોવાથી તેમને અણિ-માંડવ્ય કહેવાયા.

ત્યારબાદ પરમાત્મા તત્વના જ્ઞાતા વિપ્રવર માંડવ્યઋષિ ધર્મરાજાના દરબારમાં આવીને પૂછે છે મને કયા પાપની સજા કરવામાં આવી છે? ધર્મરાજાએ જોયું તો ઋષિના નામે કોઈ પાપ જમા ન હતા. ધર્મરાજા ગભરાયા છે.તેમને વિચાર્યું કે ભૂલ થઇ છે એમ કહીશ તો ઋષિ શ્રાપ આપશે એટલે ધર્મરાજાએ કહ્યું છે કે તમે બાલ્યાવસ્થામાં હતા ત્યારે એક પતંગિયાને કાંટો ભોંકેલો તેની આ સજા છે.થોડું દાન કરવાથી તેનું અનેકઘણું ફળ મળે છે તેવી જ રીતે થોડો અધર્મ કરવાથી દુઃખરૂપી ફળ ભોગવવું પડે છે.

ત્યારે માંડવ્યઋષિ કહે છે કે મેં ક્યારે અને કેટલી ઉંમરે આ પાપ કર્યું હતું તે મને બતાવો? ત્યારે ધર્મરાજા કહે છે કે તમે ત્રણ વર્ષની ઉંમરે આ પાપ કર્યું હતું ત્યારે માંડવ્યઋષિ કહે છે કે ધર્મશાસ્ત્ર અનુસાર બાર વર્ષની ઉંમર સુધી બાળક જે કંઇ કર્મ કરે છે તેને અધર્મ માનવામાં આવતો નથી કે તેનું ફળ તેને ભોગવવું પડતું નથી.તમે નાના સરખા કર્મનો મને બહુ મોટો દંડ આપ્યો છે.

માંડવ્યઋષિ કહે છે કે શાસ્ત્રમાં આજ્ઞા છે કે કોઈ મનુષ્ય અજ્ઞાનાવસ્થામાં કાંઇ પાપ કરે તો તેની સજા જાગૃત અવસ્થામાં નહિ,સ્વપ્નાવસ્થામાં કરવામાં આવે છે. હું બાળક હતો ત્યારે અજ્ઞાન હતો અને કરેલા પાપની સજા સ્વપ્નામાં કરવી જોઈતી હતી.તમે ગેરવ્યાજબી રીતે ખોટી સજા કરી છે.ધર્મરાજાના પવિત્ર આસન પર બેસવા તમે લાયક નથી તેથી હું તમને શાપ આપું છું કે શૂદ્રયોનિમાં તમારો જન્મ થાઓ અને ત્યાં તમે ન્યાય-અન્યાયની સમસ્યાઓનું સમાધાન કરતાં કરતાં થાકી જશો.આજથી સંસારમાં ધર્મના ફળને પ્રગટ કરનાર મર્યાદા સ્થાપિત કરૂં છું કે ચૌદ વર્ષની ઉંમર સુધી જે કર્મ કરવામાં આવશે તેનું પાપ નહી લાગે.આ પ્રમાણે માંડવ્યઋષિના શાપથી સાક્ષાત ધર્મરાજા જ વિદુર તરીકે દાસીને ઘેર જન્મ્યા હતા.તેઓ ધર્મશાસ્ત્ર તથા અર્થશાસ્ત્રના પંડીત,લોભ અને ક્રોધથી રહીત,દીર્ઘદર્શી શાંતિપરાયણ હતા.

દેવથી ભૂલ થાય તો તેને મનુષ્ય બનવું પડે છે અને મનુષ્ય ભૂલ કરે તો તેને ચાર પગવાળા પશુ બનવું પડે છે.સદગુરૂ પરમાત્માની કૃપાથી એક પ્રભુ પરમાત્માને જાણીને,અમારા મનને હરીનામમાં લગાવવાથી અમો પાપ કરવાથી બચીએ છીએ તથા સદગુરૂ અમોને શરણમાં લઇ અમારો મનુષ્ય જન્મ સફળ બનાવે છે.

વિદુરજી વિચારે છે કે એકવાર મારી ભૂલ થઇ અને દેવનો મનુષ્ય બન્યો હવે હું અસાવધ રહીશ તો પશુ બનીશ.હવે મારા હાથે કોઈ પુણ્ય ના થાય તો વાંધો નહિ પણ પાપ તો ના જ થાય.પાપ ના કરે એ જ મહાપુણ્ય છે.

વિચારવાન પુરૂષ પાપ કરવા ઈચ્છતો નથી કેમ કે પાપનું પરિણામ દુઃખ હોય છે અને દુઃખને કોઈપણ મનુષ્ય ઈચ્છતો નથી પરંતુ હૈયામાં સાંસારીક ભોગ અને સંગ્રહની ઈચ્છા જ તમામ પાપોનું મૂળ છે.પાપવૃત્તિના ઉત્પન્ન થવાથી વિચારશીલ પુરૂષ તે પાપને જાણતો હોવાથી તેનાથી દુર રહેવા ઈચ્છે છે છતાં પણ તે એ પાપમાં એવી રીતે લાગી જાય છે કે જેવી રીતે કોઇ તેને પાપમાં જોડી રહ્યું હોય ! આથી એવું જણાય છે કે પાપમાં લગાવવાવાળું કોઇ બળવાન કારણ છે.

અંતકાળમાં બે યમદૂતો આવે છેઃપાપ પુરૂષ અને પુણ્ય પુરૂષ.પાપ પુરૂષ કહે છે કે તેં બહુ પાપ કર્યા છે એમ કહી મારે છે.પુણ્ય પુરૂષ કહે છે કે તને પુણ્ય કરવાની તક આપી હતી છતાં પણ તેં પુણ્ય કેમ કર્યું નહિ? ભક્તિ કરવાનો તને અવસર આપ્યો હતો છતાં ભક્તિ કેમ ના કરી? તેમ કરીને મારે છે.આ જીવ મરે છે ત્યારે અતિશય તરફડે છે.

વિનોદભાઇ માછી નિરંકારી

# રાજ્યવ્યાપી બોગસ નામો ના રાશન કાર્ડનું ૭૨૦ કરોડનું મસમોટું કૌભાંડ નો આક્ષેપ

**સમગ્ર ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં વ્યાજબી ભાવથી સરકારની અનાજ નું ૭૨૦ કરોડના કૌભાંડ નો દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકા થી પર્દાફાશ કરતા જગદીશ છેતરિયા....**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના શેઠાખાય ગામના સેવાભાવી વતની જગદીશ નારણ છેતરીયા સાથે તેમના ઘરે જઈને અમારા ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક ના તંત્રી ની રૂબરૂ મુલાકાત માં સમગ્ર રાજ્ય ભર ની સસ્તા અનાજ ની દુકાનો અને સરકારી તંત્ર ના અમલદારો ભેગા મળીને પ્રજાના હક ના અનાજ નો કેવો વેપલો કરીને આંકડાકીય માયાજાળ રચીને સરકારી વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ આંકડા ની વાસ્તવિકતા છતી થઇ..જેની હયાતી ના હોય તેવામાં નામ રાશન કાર્ડ માં હોય..લોકો નામ કમી કરવા ધક્કા ખાય...આંકડાઓ કઈક જુદા બતાવે...આ આખું કૌભાંડ જગદીશ નારણ છેતરીયાં એ જાતે તપાસ કરી પકડી પાડી ઉચ્ચ અમલદારો.રાજકીય અનેક નેતાઓ ન છેક ગાંધીનગર સુધી આવી હ જાણ કરી છતાં રીઢા ગુનેગાર જેવા નેતાઓ અને અમલદારોએ કોઈપણ જાતનું ધ્યાન આપ્યું નહીં અને જગદીશભાઈ છેવટે પોલીસ સ્ટેશનમાં જઈને પુરાવા સાથે એફઆઈઆર દાખલ કરી અને સત્યતા બહાર આવતા આખે આખું તંત્ર રાતો રાત દોડતું થયું જગદીશભાઈની ધરપકડ થઈ અને જગદીશભાઈ સાચા હોવાથી તેમને સારા વકીલના ન્યાયથી તેઓ કાયદેસર છૂટીને બહાર આવ્યા અને તંત્રએ જગદીશભાઈ નું મોઢું દબાવવાના અનેક પ્રયત્નો કર્યા તેમ છતાં જગદીશભાઈ કોઈપણ જાતનો ડર રાખ્યા વિના આખા કૌભાંડનો પડદાફાશ કર્યો અને તંત્રએ છ જેવા નાના કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા અને મોટા મગરમચ્છો છૂટી ગયા અને આખે આખા કૌભાંડને રાજકીય રીતે દબાવી દીધું. જગદીશભાઈ પાસે જ્યારે બેસીને તમામ આંકડાકીય માહિતી સરકારી વેબસાઈટ તો ઉપર જ જોઈને સરખામણી કરવાની કોશિશ કરી ત્યારે તેમણે જે કોઈ અમલદારોને મળીને વાતચીત કરેલી અને જે જવાબ તેમને મળ્યા હતા તે સાંભળતા એકદમ ચોકાવનારી બાબતો બહાર આવી હતી. જગદીશભાઈ એ આ બાબતે પોતાના ગામની અંદર પ્રેસ મિત્રોને બોલાવીને પ્રેસ પણ કરી હતી અને તમામ સ્થાનિક ચેનલોમાં અને અખબારોમાં આ કૌભાંડતી વખતે બહાર પણ આવ્યું હતું પણ રીઢા ગુનેગાર જેવા સરકારી તંત્રને તેની કોઈ અસર થઈ નહોતી. અંતે જગદીશભાઈએ આમ આદમી પાર્ટી ની મફત વીજળી અને મફત સેવાઓના ભાષણો કેજરીવાલજી ગોપાલ ઇટાલીયા અને ઈશુદાન ગઢવી ના મોઢે સાંભળ્યા ત્યારે તેમને લાગ્યું કે આ લોકો મને ન્યાય અપાવશે. જેથી તેઓ આમ આદમી પાર્ટીમાં સ્થાનિક લેવલે સહ સંગઠન મંત્રી તરીકેનો હોદ્દો લઈને રાજકીય પ્રવેશ કર્યો અને ત્યાંના સ્થાનિક આદમી પાર્ટીના પ્રદેશના કહેવાતા મોટા નેતા તેવા સામત ગઢવી અને બીજાં નેતાઓએ ભેગા થઈને ફરીથી મોટાપાયે પ્રેસ કોન્ફરન્સ કરી અને સ્થાનિક અખબારોમાં તેમજ મીડિયામાં જોરશોર થી આ કૌભાંડ ફરીથી ચમક્યું. પરંતુ આમ આદમી પાર્ટીના મોટા ગજાના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઇટાલીયા કે ઈશુદાન ગઢવીએ કોઈ પોતાનું મંતવ્ય આ બાબતે સોશિયલ મીડિયામાં કે ન્યૂઝ ચેનલ માં ક્યાંય અખબારોમાં આપ્યું નહીં અને ચૂંટણી આવી રહેલી હોવાથી વોટબેંકની રાજનીતિને પ્રથમ પ્રાધાન્ય આપ્યું. પાછા જગદીશભાઈ આ બાબતે ખૂબ નારાજ હોય તેવું લાગતાં અમોએ ફરીથી આ કૌભાંડને અમારા અખબારમાં પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કર્યો છે જેથી પ્રજાને પોતાના હક મળી રહે અને રાશનકાર્ડનું આ કૌભાંડ આખું બહાર આવે તો જે તે જવાબદાર અધિકારીઓને અને તેમને છાવરતા નેતાઓની તેની અસર થાય અને ઉચ્ચકક્ષાએ ખબર પડે કે આવડું મોટું વ્યવસ્થિત કૌભાંડ સમગ્ર ગુજરાતની અંદર કોણ કેવી રીતે શા માટે ચલાવી રહ્યું છે.

આવો આ બાબતે જગદીશ નારણ છેતરિયાં દ્વારા આપવામાં આવેલ પ્રેસ નીચે મુજબ આપવામાં આવી છે તે વાંચી ને કૌભાંડ ન બહાર લાવીએ...

'રેશનકાર્ડમાં સસ્તા અનાજ નું મોટું કૌભાંડ'

'શરૂઆત ૨૨ જૂન ૨૦૨૨ના રોજ ભાણવડ થી થઈ હતી ૨૪ જૂનના રોજ ભાણવડ મામલતદાર કચેરીને જાણ કરવામાં આવી હતી'

'કેસની પોલીસ દ્વારા જાહેર કરેલી પ્રેસ નોટ અને મામલતદાર



કચેરી દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવેલ સાથે જોડવામાંઆવેલ છે'

'તારીખ ૭ જુલાઈના રોજ મામલતદાર કચેરી ભાણવડ ના નિલેશભાઈ નાથાભાઈ કરમુર દ્વારા એસ.ઓ.જી દેવભૂમિ દ્વારકામાં આ અંગે ફરિયાદ દાખલ કરવામાં આવેલ

'જેમાં ૨ ઓપરેટર અને ૮ દુકાનદાર વ્યક્તિઓ વિરોધ ૨૦૪૭ નામ ખોટા ચડાવી અને અનાજનું કોભાડ આચરવામાં આવેલ હોય'

'આ એફ આઈ આર ના પડઘા સમગ્ર ગુજરાતમાં જોવા મળ્યા'

'ત્યારબાદ અમોએ સરકારી વેબસાઈટ પર અવલોકન વ્યક્તિઓની સંખ્યાને રેશનકાર્ડ પર અવલોકન કરેલ'

'આ અવલોકનમાં ચોકાવનારા આંકડા સામે આવેલા'

ગુજરાતમાં દર મહિને સરેરાશ ૫૦ થી ૭૦ હજાર જેટલા નામોનો વધારો રેશનકાર્ડમાં થતો હોય છે

જૂન મહિનામાં ભાણવડમાં થયેલી એફઆઈઆર ની અસર સમગ્ર ગુજરાતમાં જોવા મળી જે ગુજરાતમાં દર મહિને ૫૦ થી ૭૦ હજાર વ્યક્તિઓનો વધારો થતો હોય અને જુલાઈ મહિનામાં સીધો જ આંકડો ૫,૮૬,૭૦૧ નામ ઓછા થઈ ગયા પણ એમાં પણ મજાની વાત તો એ રહી કે ૨૦૧૪૦ જેટલા રેશનકાર્ડનો વધારો તો આવ્યો જ આ ૨૦૧૪૦ રેશનકાર્ડના વ્યક્તિઓ તો વધવા જોઈએ તેની જગ્યાએ નામ ની સંખ્યાઘટેલા

રેસિંગ કાર્ડ માં બે પ્રકારના રેશનકાર્ડ હોય છે એક એનએસએફ અને એક નોને એન એસ એફ

ની વ્યાખ્યા સમજીએ તો એનએસએફ રેશનકાર્ડ એટલે કે જે લોકો ગરીબી રેખાની નીચે જીવે છે કે જેને સસ્તા અનાજ ના લાભ મળવા પાત્ર છે એવી જ રીતે નોન એન એફ એસ જેઓને સસ્તા નો લાભ મળતો નથી

ગુજરાતમાં રેશનકાર્ડ ધારકોની વાત કરવામાં આવે તો મહિના પ્રમાણે

માર્ચ મહિના ૨૦૨૨

NFSA રેશનકાર્ડ ૭૦,૮૧,૧૭૪ જેની અંદરમાં ૩૪૭૨૯૨૭૮

NON NFSA રેશનકાર્ડ ૬૪૬૭૦૧૦ ની અંદર ૨૬૦૨૧૩૬૮ વ્યક્તિઓની સંખ્યા હતી આમ બંને મળી ટોટલ રેશનકાર્ડ ગુજરાતની અંદર ૧૩૫૪૮૧૮૪ રાશન કાર્ડ ની અંદર ૬૦૭૫૦૬૪૬ વ્યક્તિ ઓનીસંખ્યા હતી

'એપ્રિલ મહિના ૨૦૨૨'

NFSAરેશનકાર્ડ ૭૦,૭૭૯૭૭ જેની અંદરમાં ૩૪૭૫૧૫૯૮

NON NFSA રેશનકાર્ડ ૬૪૬૮૯૨૨ ની અંદર ૨૬૦૦૭૩૩૨ વ્યક્તિઓની સંખ્યા હતીઆમ બંને મળી ટોટલ રેશનકાર્ડ ગુજરાતની અંદર ૧૩૫૪૬૮૯૯ રાશન કાર્ડ ની અંદર ૬૭૫૮૯૩૦ વ્યક્તિ ઓની સંખ્યા હતી ના આધાર ઉપર કહી શકાય કે માર્ચ મહિના ની સરખામણીએ એપ્રિલ મહિનામાં ટોટલ ૧૨૫૮ રેશનકાર્ડ ઓછા થયા અને ૮૨૮૪ વ્યક્તિઓની સંખ્યા વધી

મેં મહિનો ૨૦૨૨

NFSA રેશનકાર્ડ ૭૦૮૬૩૨૬ જેની અંદરમાં ૩૪૮૬૩૫૦૩

NON NFSA રેશનકાર્ડ ૬૪૭૨૯૬૩ ની અંદર ૨૬૦૧૩૬૨૫ વ્યક્તિઓની સંખ્યા હતીઆમ બંને મળી ટોટલ રેશનકાર્ડ ગુજરાતની અંદર ૧૩૫૫૯૨૮૯ રાશન કાર્ડ ની અંદર ૬૦૮૭૭૧૨૮ વ્યક્તિ ઓની સંખ્યા હતી ના આધાર ઉપર કહી શકાય કે એપ્રિલ મહિના ની સરખામણીએ મેં મહિનામાં ટોટલ ૧૨ ૩૯૦રેશનકાર્ડનો વધારો થયા અને ૧૧૮૧૯૮ વ્યક્તિઓની સંખ્યા વધી

જૂન મહિનો ૨૦૨૨

NFSAરેશનકાર્ડ ૭૧૦૨૮૧૯ જેની અંદરમાં ૩૪૯૮૪૬૫૯

NON NFSA રેશનકાર્ડ ૬૪૫૮૯૭૫ ની અંદર ૨૫૯૩૫૬૧૦ વ્યક્તિઓની સંખ્યા હતીઆમ બંને મળી ટોટલ રેશનકાર્ડ ગુજરાતની અંદર ૧૩૫૬૧૭૯૪ રાશન કાર્ડ ની અંદર ૬૦૯૨૦૨૬૯ વ્યક્તિ ઓની સંખ્યા હતી ના આધાર ઉપર કહી શકાય કે જૂન મહિના ની સરખામણી એ જુલાઈ મહિનામાં ટોટલ ૨૫૦૫ રેશનકાર્ડનો વધારો થયા અને ૪૩૧૪૧વ્યક્તિઓની સંખ્યા માં વધારો આવ્યો

જુલાઈ મહિનો ૨૦૨૨

કૌભાંડ ઉજાગર કરતો મહિનો

NFSA રેશનકાર્ડ ૭૧૯૧૯૪ જેની અંદરમાં ૩૪૪૦૧૨૦૯

NON NFSA રેશનકાર્ડ ૬૪૬૨૭૪૦ ની અંદર ૨૫૯૩૨૩૫૯ વ્યક્તિઓની સંખ્યા હતીઆમ બંને મળી ટોટલ રેશનકાર્ડ ગુજરાતની અંદર ૧૩૫૮૧૯૩૪રાશન કાર્ડ ની અંદર ૬૦૩૩૩૫૬૮ વ્યક્તિ ઓની સંખ્યા હતી ના આધાર ઉપર કહી શકાય કે જૂન મહિના ની સરખામણી એ જુલાઈ મહિનામાં ટોટલ ૨૦૧૪૦ રેશનકાર્ડનો વધારો થયા અને - ૫૮૬૭૦૧વ્યક્તિઓની સંખ્યા માં ઘટાડો આવ્યો આવ્યો જે ખૂબ નોંધપાત્ર છે

જુલાઈમહિનામાં તપાસ કરવા પડે તેવા મુદ્દાઓ

જુલાઈ મહિનામાં ૨૦૧૪૦ રેશનકાર્ડ વધારો આવવા છતાં વ્યક્તિઓની સંખ્યામાં નોંધપાત્ર કહી શકાય તેવો ૫,૮૬,૭૦૧ વ્યક્તિઓનો ઘટાડો આવ્યો

જુલાઈ મહિનામાં NFSA રેશનકાર્ડ૧૬૩૭૫ વધવા છતાં તેમની અંદર ૫,૮૩,૪૫૦ વ્યક્તિઓના નામ ઓછા થયા

ટોટલ ગુજરાતમાં ૫,૮૬,૭૦૧ માંથી ૫,૮૩,૪૫૦ નામો NFSA રેશનકાર્ડ માંથી ઓછા થયા છે અને જ્યારે NON NFSA રેશનકાર્ડમાંથી માત્ર ૩,૨૫૧ જ નામુ ઓછા થયા છે

જેથી કહીશ કહી શકાય કે થયેલી ફરિયાદ જૂન મહિનાની તેની અસર સમગ્ર ગુજરાતમાં દેખાતી હોય છે જેથી આ નામો કમી થયેલા હોય અને મોટું કૌભાંડ હોય

આ અંકલનમાં છ મહિનામાં ક્યારે પણ ગુજરાતમાં નામો ઓછા થયા એવું દેખાતું નથી અને માત્ર ને માત્ર જુલાઈ મહિનામાં જ થયા હોય તેથી સ્પષ્ટ છે કે કૌભાંડ તો ચાલી રહ્યું છે

ઓગસ્ટ મહિનામાં ફરી નામ વધવાનો ચાલુ થઈ ગયો અને સપ્ટેમ્બરમાં પણ યથાવત રહ્યો. જેની વિગતો નીચે મુજબ છે

ઓગસ્ટ ૨૦૨૨

NFSAરેશનકાર્ડ ૭૧૨૪૭૦૫ જેની અંદરમાં ૩૪૫૧૬૮૦૬

NON NFSAરેશનકાર્ડ ૬૪૭૩૫૫૦ની અંદર ૨૫૯૬૫૭૨૪ વ્યક્તિઓની સંખ્યા હતીઆમ બંને મળી ટોટલ રેશનકાર્ડ ગુજરાતની અંદર ૧૩૫૯૮૨૫૫રાશન કાર્ડ ની અંદર ૬૦૪૮૨૫૩૦ વ્યક્તિ ઓની સંખ્યા હતી ના આધાર ઉપર કહી શકાય કે જુલાઈ મહિના ની સરખામણી એ ઓગસ્ટ મહિનામાં ટોટલ ૧૬૩૨૧ રેશનકાર્ડનો વધારો થયા અને ૧૪૮૯૬૨વ્યક્તિઓની સંખ્યા માં વધારો આવ્યો

સપ્ટેમ્બર૨૦૨૨


NFSA રેશનકાર્ડ ૭૧૨૯૮૮૯ જેની અંદરમાં ૩૪૬૦૧૦૧૦૨૧

NON NFSAરેશનકાર્ડ ૬૪૮૨૮૫૯ની અંદર ૨૫૯૮૬૭૪૬ વ્યક્તિઓની સંખ્યા હતીઆમ બંને મળી ટોટલ રેશનકાર્ડ ગુજરાતની અંદર ૧૩૬૧૨૭૪૮રાશન કાર્ડ ની અંદર ૬૦૫૮૭૭૬૭ વ્યક્તિ ઓની સંખ્યા હતી ના આધાર ઉપર કહી શકાય કે ઓગસ્ટ મહિના ની સરખામણી એ સપ્ટેમ્બર મહિનામાં ટોટલ ૧૪૪૯૩ રેશનકાર્ડનો વધારો થયા અને ૧૦૫૨૩૭ વ્યક્તિઓની સંખ્યા માં વધારો આવ્યો

લી. જગદીશ નારણ છેતરીયા

મુ . શેઢાખાય તાલુકો ભાણવડ જિલ્લો દેવભૂમિ દ્વારકા .

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No : 123
પ્રકાર : પદ્ય- ગઝલ
શીર્ષક : જો તું
વિષય : દિવાસ્વપ્ન
રચના:
ખુલી આંખ રાખી જરા સ્વપ્ન જો તું.
જતનથી જ મળશે હશે મગ્ન જો તું.
ઘટાદાર વૃક્ષે છે પંખી નો માળો.
કપાતાં એ ડાળી થતું ભગ્ન જો તું.
ખુશીઓ મળેતો રહેવું સુખેથી.
હસીને સહી લે બધા વિઘ્ન જો તું.
રહીને અભણ ક્યાં ભવિષ્ય લખાશે.
બનીને જ સાક્ષર કરે યત્ન જો તું.
તરસ'દિવ્ય'મિટશે વિના કામ કર્યે.
રહેશે જ જોતો 'દિવાસ્વપ્નમાં'જો તું.
દિવ્યા દેઢિયા 'દિવ્ય'

------------------------------------------------

NOG SS NO.:-0032
સાહિત્ય સરિતા
વિષય:- દિવાસ્વપન.
શીર્ષક:- 'દિવાસ્વપ્નમાં'
શાને મારી આંખોમાંથી આવ જા કરે છે તું,
સ્વપ્નની ક્ષિતિજે, રાહ જોઈ ઊભી છું.
આવને 'દિવાસ્વપ્નમાં' નિહાળું હવે હું તને.
વાત જોજે કયાંક અટકી ના જાય,
મૌનની સાંકળ રાખજે લગાવી.
આવને 'દિવાસ્વપ્નમાં' નિહાળું હવે હું તને.
છું અકબંધ તારી યાદોમાં ,
લાગણીઓમાં અકબંધ છું.
આવને 'દિવાસ્વપ્નમાં' નિહાળું હવે હું તને.
અલાયદી મજા છે સ્વપ્નની ને રાતની,
માણશું એ મિલનની રાત આજ.
આવને 'દિવાસ્વપ્નમાં' નિહાળું હવે હું તને.
વાતમાં ઉલ્લેખ મારો થાય તો,
આંસુઓની ધારને રોકી રાખજે.
આવને 'દિવાસ્વપ્નમાં' નિહાળુ હવે હું તને.
ઝરુખે જોવા ઊભી તને,
તું પણ ડેલીએથી નિરખજે મને.
આવને 'દિવાસ્વપ્નમાં'નિહાળું હવે હું તને.
રુપેરી સવારને વારંવાર ટાળું હવે,
સ્વપ્નની પાલખી સવારું રાતભર.
આવને 'દિવાસ્વપ્નમાં' નિહાળુ હવે હું તને.
મન તો હતું મોતીનું પણ ,
કાચ થઈને તૂટ્યાં કર્યુ.
આવને 'દિવાસ્વપ્નમાં' નિહાળુ હવે હું તને.
સાગરનાં છિપ માયલું મોતી મળ્યું,
પણ પોતીકું ના થઇ શક્યું.
આવને 'દિવાસ્વપ્નમાં'નિહાળું હવે હું તને.
બસ હવે તો એક થવું એટલે એક બીજાની,
વાત આપમેળે એકબીજામાં ઉતરી જશે.
આવને 'દિવાસ્વપ્નમાં' નિહાળુ હવે હું તને.
અનહદ પ્રેમ કરું છું તને, તનથી અદકેરું તો,
મનનું મિલન છે. મૌન શબ્દોથી સમજાય જાય. આવને 'દિવાસ્વપ્નમાં' નિહાળુ હવે હું તને.
સ્વપ્નની ક્ષિતિજે રાહ જોઈ ઉભી છું,
ઉજળી સવારે અલવિદા કરું તને.
આવને 'દિવાસ્વપ્નમાં' નિહાળુ હવે હું તને.
'મીના માંગરોલીયા મીનુ'
'અમદાવાદ'
૧૮/૧૦/૨૦૨૨

## પૂજારીએ માતાનો મૃતદેહ મંદિરમાં દફનાવ્યો, કલેક્ટરથી લઈને પોલીસ સ્ટેશન સુધી હંગામો

છતરપુર,તા.૧૯

મધ્યપ્રદેશના છતરપુર જિલ્લામાં આ સમયે હંગામો મચી ગયો છે. કારણ કે અહીં એક પૂજારીએ તેની માતાના મૃત્યુ બાદ મૃતદેહ ને મંદિરમાં દફનાવી હતી. આ પછી, ત્યાં રિવાજ મુજબ પૂજા કર્યા પછી, તેમણે ત્યાં સમાધિ બનાવી. પરંતુ સ્થાનિક લોકો અને હિન્દુ સંગઠનોએ આ અંગે હોબાળો મચાવ્યો છે. લોકોએ જિલ્લાના ડીએમને એક મેમોરેન્ડમ સુપરત કર્યું, માંગ કરી કે મૃતદેહને મંદિર પરિસરમાંથી દૂર કરવામાં આવે અને પોસ્ટમોર્ટમ પછી ઔપચારિક અંતિમ સંસ્કાર કરવામાં આવે.વાસ્તવમાં, આ મામલો છતરપુર શહેરનો છે, જ્યાં પ્રાચીન મોટેનું મહાવીર મંદિર છે. અહીં સવાર-સાંજ લોકો દર્શન કરવા માટે આવે છે. પરંતુ તાજેતરમાં આ મંદિરમાં પૂજા કરતા પૂજારીએ માતાના મૃત્યુ બાદ મૃતદેહ ને મંદિરમાં જ દફનાવી દીધો હતો. આ સિવાય આ સ્થાન પર માતાની સમાધિ પણ બનાવવામાં આવી હતી. પરંતુ સ્થાનિક લોકોએ વિરોધ કરતા પ્રશાસન ઘટના સ્થળે પહોંચી લાશને બહાર કાઢી મુક્તિધામ ખાતે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર મામલાને લઈને મંદિરના પૂજારીએ કહ્યું- તેની માતા છેલ્લા ઘણા સમયથી આ મંદિરમાં રહેતી હતી. તે અહીં સંત મહારાજની સેવા કરતી હતી. સંતની સમાધિ લીધા પછી પણ માતાએ અહીં તેમની સેવા કરવાનું ચાલુ રાખ્યું હતું, માતાની અંતિમ ઈચ્છા હતી કે તેમના મૃત્યુ બાદ તેમના પાર્થિવ દેહને અહીં જ દફનાવવામાં આવે.

આ પછી, તે સ્થાન પર એક કબર બનાવવી જોઈએ. એટલા માટે મેં મારી માતાની ઈચ્છા પૂરી કરવા માટે આ બધું કર્યું છે. તે જ સમયે, મંદિર સમિતિના સભ્યોએ પોલીસને કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પૂજારીની માતા ગૃહસ્થ જીવન જીવી રહી છે. આવી સ્થિતિમાં ન તો તેમના મૃતદેહને દફનાવી શકાય છે અને ન તો મંદિરમાં સમાધિ બનાવી શકાય છે. મૃતદેહને હિંદુ રીતિ-રિવાજ પ્રમાણે જ બાળવો જોઈએ. જોકે, વિરોધ બાદ પૂજારીએ કહ્યું- હું માફી માંગુ છું, હવે જે પણ થશે તે પ્રશાસન અને સમિતિના આદેશ મુજબ થશે.

# માત્ર દૂધથી જ નહીં પરંતુ છાણ અને ગૌમૂત્રમાંથી પણ ગૌપાલકો આર્થિક આવક વધારી શકે છે

**ગોબરમાંથી બનેલા દીવા પર્યાવરણની સાથે સાથે ગૌશાળા,પાંજરાપોળોને આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ 'કામધેનુ દિપાવલી અભિયાન'ને સફળ બનાવીએ**

### ગોબર દિવડા જ શા માટે ?

- દેશી ગાયોના ગોબર માંથી બનેલા દિવડા વાતાવરણને શુદ્ધ અને પવિત્ર કરવાનું કામ કરે છે.
- ગોમય દિવડા દેશી ગાયના ઘી સાથે પ્રગટાવવાથી વાતાવરણમાં ઑક્સીજનનું પ્રમાણ વધી જાય છે.
- ગોમય દિવડાની ભસ્મ પાણીમાં નાખવાથી પાણી બેક્ટેરિયા રહિત બને છે.
- ગોમય ભસ્મ અનેક રીતે લાભદાયી છે. તે એક ઉત્તમ ખાતર છે જેને ખેતર અને વાડી માં ઉપયોગમાં લઈ શકાય છે.
- દેશી ગાયની ગૌશાળા આત્મનિર્ભર બને છે.
- 'ગોમયે વસતે લક્ષ્મી' ધર્મ શાસ્ત્ર અનુસાર પવિત્ર ગોબરમાં લક્ષ્મીજી નો નિવાસ છે, તે ઉર્જાનો ભંડાર છે , નેગેટિવિટી દૂર કરે છે અને રોગાણુઓથી બચાવે છે.
- ગાયનું ગોબર રેડિએશનથી સુરક્ષિત રાખે છે.
- ચાઈનીઝ અને રસાયણો ધરાવતા હાનિકારક દીવાઓનો ઉપયોગ બંધ થશે ,ઈકો ફ્રેન્ડલી દીવાનો ઉપયોગ વધશે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'મેક ઇન ઇન્ડિયા' અને 'સ્ટાર્ટ-અપ અભિયાન'ને વેગ મળશે.
- ગોમય દિવડા બનાવતા આત્મનિર્ભર ભારત અભિયાન, મહિલા સશક્તિકરણના વિઝનને પણ પ્રોત્સાહન મળશે.

આવો ઉજવીએ ભારતીય સંસ્કૃતિનું પ્રકાશપર્વ દિપાવલી, ગૌમાતાના આશીર્વાદ સાથે પ્રગટાવીએ પવિત્ર ગોબર દિવડા.



દીપજ્યોતિ નમોસ્તુભ્યમ્ .

ભારતીય સમાજમાં ગાયને માતા કહેવાય છે. ગૌધનથી મોટું કોઈ ધન નથી. ગાયથી અર્થ, ધર્મ, કામ અને મોક્ષ એ ચારેય પુરૂષાર્થની સિદ્ધિ થાય છે. આજના અર્થપ્રધાન યુગમાં તો ગાય અત્યંત ઉપયોગી છે. ગો-પાલનથી ગાયનું દૂધ, ઘી અને છાણ વગેરેથી ધનની વૃદ્ધિ થાય છે. ગાયો પવિત્ર હોય છે, એના શરીરને સ્પર્શ કરનારી હવા પણ પવિત્ર હોય છે. ગાયનાં છાણ-મૂતર પણ પવિત્ર હોય છે. છાણ દ્વારા લીપેલાં ઘરોમાં પ્લેગ, કોલેરા વગેરે જેવા ભયંકર રોગો થતા નથી. યુદ્ધનાં સમયે ગાયનાં છાણથી લીપેલાં મકાનો પર બોંબની પણ એટલી અસર થતી નથી જેટલી સિમેન્ટ વગેરેથી બનાવેલાં મકાનો પર થાય છે. ગાયનાં છાણમાં ઝેર ખેંચી લેવાની વિશેષ શક્તિ હોય છે. મનુષ્યને માટે ગાય સર્વ દૃષ્ટિએ પાળવા યોગ્ય છે. આજનાં અર્થપ્રધાન યુગમાં દેશી ગાયના દૂધ, દહીં, ઘી તેમજ ગૌમૂત્ર અને ગોબરનો વિશેષ મહિમા છે. માત્ર દૂધથી જ નહીં પરંતુ છાણ અને ગૌમૂત્રમાંથી પણ ગૌપાલકો આવક વધારી શકે છે. ગોબરમાંથી બનવામાં આવેલા દીવા આર્થિક દ્રષ્ટિની સાથે સાથે પર્યાવરણને પણ લાભદાયી છે. આ અંતર્ગત દિવાળીની ઉજવણી માટે ગાયના છાણ આધારિત દીવા, મીણબત્તીઓ, ધૂપ, શુભ લાભ, સ્વસ્તિક, હવન સામગ્રી, ભગવાન ગણેશ અને દેવી લક્ષ્મીની મૂર્તિઓનું નિર્માણ કરી શકાય છે. - મિતલ ખેતાણી(૯૮૨૪૨૨૧૯૯૯)

# આવતા વરસે ૧,૦૦,૦૦,૦૦૦ના ભાવની કિલો મિઠાઇ લોંચ કરવાનો મનસૂબો

ખરા અર્થમાં ચોવીસ કલાક ખણખોદ કરતી 'સબ સે તેજ ખણખોદ,લક્કડખોદ સે તેજ - ઘોરખોદિયા સે તેજ ' ખણખોદ ચેનલના અવિશ્વસનીય અને બેજવાબદાર ખોદી ( ત્રિકમ , હળ કે કોદાળી ,પાવડાથી સમાચાર ખોદવામાં માહિર હોય તેને ખોદી-ઇન્વેસ્ટીંગ જર્નાલિસ્ટ- મિડિયા કહેવામાં આવે છે. જે ભલભલાનું યુરીન( મુતર) ખોદી નાંખે છે.) પત્રકાર ગિરધરભાઈ અને કેમેરામેન રાજુ રદી એક સમાચારની ધૂળને ઉજાગર કરવા પ્રવૃત છે.

લો વાંચો અથ થી ઇતિ!!

ઢેંનટેંનઢેનટેન! (અમે મોંઢેથી અવાજ કરતા નથી આ અમારો ડોલ્બી સિગ્નેચર ટ્યુન છે!!)

" રાજુ, મેગ્નિફાઇંગ ગ્લાસ લગાવ. પેલી દુકાન શોધ." મેં કહ્યું .

" કંઇ દેખાતું નથી" રાજુ રદીએ અકળાઈને કહ્યું . રાજુએ પોતાની આંખને બદલે કેમેરાના લેન્સ પર બિલોરી કાચ લગાડ્યો હતો.

" અરે ડફોળ તારી આંખે બિલોરી કાચ લગાવ" મેં રાજુ રદીનો કાન આમળતા કહ્યું.

'આ જ એ કોમ્પલેક્સ છે.જયાં કદી ન સાંભળી હોય તેટલા અધધધધધ ભાવની મોંઘી મિઠાઇ મળે છે' રાજુએ કેમેરો ગોઠવીને અને રોલ કહેતાં જ મેં આ મુજબ કહ્યું ' હવે આપણે ટીંચર સ્વિટ માર્ટ પાસે પહોંચી ગયા છીએ. કંજુસ કાકડી જેવા શહેરમાં અડધી પેટી ( જો ગેરસમજ ન કરતાં અડધી પેટી એટલે તમે સમજો છો એ પેટીની વાત નથી પ્લીલીઇઇઝ. આપણું સ્ટેટ ડ્રાય સ્ટેટ છે. જયાં મધ્યની રેલમછેલ છે !!અમે અડધો લાખ રૂપિયાની વાત કરીએ છીએ. પિયકકડોની મુશ્કેલી જ આ છે!! પિયકકડોનું ચિત્ત બાટલીએ!!) કિંમતની મિઠાઇ વેચાણ માટે મુકાઇ છે' હું આટલું બોલ્યો . રાજુએ દુકાનનું બોર્ડ, દુકાનનો બહારનો ભાગ, ઉભેલી ભીડ વગેરે વિઝયુઅલ્સ શુટ કર્યા. દુકાનની બહાર ભયંકર ભીડ છે. બધાં પ્રાણપ્યારી ( અરે માશુકા નહીં . મિઠાઇનું નામ છે!!) ની એક ઝલક પામવા બેકાબુ અને બૈતાબ છે!!

દુકાનની બહાર બે કાઉન્ટર છે. દુકાનની અંદર જવા માટે રજીસ્ટ્રેશન કરવા માટે. તત્કાળ દર્શન માટે રૂપિયા બસેં ભરવાના. જીએસટી અલગ. જનરલ માટે પચાસ રૂપિયા . જીએસટી અલગ.રજીસ્ટ્રેશન કર્યા પછી દુકાનમાં દાખલ થનારના સિકયોરીટી ચેકીંગ માટે બે કેબિનો હતી. મહિલા અને જેન્ટસ. ચેકીંગ પતી જાય કે પ્રાણપ્યારીના દર્શન કરવા માટે પાંચસો રૂપિયા ભરવાના!!

અભિમન્યુના કોઠા કે દ્રોપદ્રીના સ્વંવર માટે ત્રાજવાના પલલ્ડામાં ઉભા રહી નીચે પાણીમાં નજર કરી ફરતી માછલીને વીંધવા કરતાં પણ દુષ્કર પ્રક્રિયા સંપન્ન થયા બાદ જયાં પ્રાણપ્યારીની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવેલ હતી તે નિજ મંદિર કે ગર્ભ ગૃહમાં પ્રવેશ્યા. ચકાચૌંધ રોશની. સિરિઝો લબકઝબક થતી હતી. શિતાગાર જેવી ઠંડક હતી.ઉત્તેજક રૂમ સ્પ્રેની માદક સુગંધ માશુકાની જેમ આગોશમાં લઇ લેતી હતી.

રૂમની વચ્ચોવચ્ચ નિયોનેટલ કે મેટરનિટી હોસ્પિટલમાં હોય તેવું ઇન કયુબેટર હતું.જેને દેશી ભાષામાં કાચની પેટી કહેવામાંઆવે છે. નવજાત શિશુ માસૂમિયતથી કાચની પેટીમાં એશોઆરામથી પોઢયું હોય અને પરાણે વહાલું લાગે તેમ પ્રાણપ્યારી કાચની પેટીમાં મખમલના કપડાંમાં શોભતી હતી. શિયાળાની ઋતુમાં સવારના સમયે જેમ કોઇ પુષ્પ પર ઔંસબિંદુ હીરાની જેમ પ્રાણપ્યારી ભાસતી હતી. ખણખોદ ચેનલના રીપોર્ટર એટલે કે હું ટીંચર સ્વિટ માર્ટના માલિક લોભિયા સુખડિયા પાસે પહોંચ્યો. લોભિયાને પરિચય આપીને મેં ઇન્ટરવ્યું શરૂ કર્યું. 'સાહેબ, આટલી મોંઘી મિઠાઇ બનાવીને સમાજમાં અસમાનતા વધશે નહીં?'મેં પૂછયું

' અમે કોરાના પછી લોકોના ઇમોશન ડીમાંડ ધ્યાને લઇને મિઠાઇ લોંચ કરી છે. સમાજમાં સામાજિક એકતા ફેલાવશે. અમે દસ ગ્રામના પેકેટમાં પ્રાણપ્યારીના પીસીસ બીપીએલ કાર્ડ હોલ્ડરને ૧% ડિસ્કાઉન્ટથી વેચાણ કરીશું' લોભિયા સુખડિયાએ ડિપ્લોમેટિક જવાબ આપ્યો.!!!

' લોભિયાભાઇ, આટલો લોભ સારો કહેવાય? કેસરનો કિલોનો ભાવ પચ્ચીસ હજાર રૂપિયા છે. ખાલી કેસરની મિઠાઇ બનાવતા હોવ તો પણ પચાસ હજારનો ભાવ જસ્ટીફાય થતો નથી.કાજુ ,બદામ,અખરોટ ,પિસ્તા દોઢ હજારથી ત્રણ હજાર રૂપિયે મળે છે. સોના ચાંદીનો વરખ લગાડો તો પણ આટલી મોંઘી મિઠાઇ ન બને'મેં પૂછયું.

' ભાઇ . આ ચિલ્ડ્રનવેર એટલે કે બાળકોના વસ્ત્રો જેવું છે. એમાં કપડાની કવોલીટી ન જોવાય, પણ બાળકો માટેનો માબાપનો પ્રેમ એક્ર્શ કરવાનો છે. દિવાળીના સપરમા તહેવારમાં પચાસ હજાર રૂપિયાની મિઠાઇ ખરીદો તો તમને કેટલો સેલ્ફ પ્રાઇડ મળે. તમે કોલર ઉંચા કરીને પાંચ જણને તમારી સોસાયટીમાં મિઠાઇ ખરીદીની વાત કહો એટલે તમારો રોલો કેટલો વધે!! ' લોભિયાભાઇએ આખી સ્ટ્રેટેજી સમજાવી .

' તમારું ફયુચર પ્લાનિંગ શું છે?' મેં લોભિયાભાઇને પૂછયું.

દેશની એકસો ત્રીસ કરોડ જનતાના આશીર્વાદ અમારા પર રહે અને તમારા જેવા (અકકલમઠા ) મિડિયાનો , સરકારી તંમનો સહકાર સતત મળતો રહેશે તો આવતી દિવાળીએ ૧,૦૦,૦૦,૦૦૦/- ના ભાવની કિલો મિઠાઇ લોંચ કરવાનું ઝાંસો પ્લાનિંગ છે' લોભિયાભાઇએ ઇન્ટરવ્યું સમાપ્ત કર્યો!!

'હેઅંહેઅં' અમારા મોંઢામાંથી રાડ નીકળી ગઇ!!

રાજુના કહેવા મુજબ લોભિયાની વાત સાંભળી અમને માઇલ્ડ હાર્ટએટેક આવી ગયેલો અને ૧૦૮ બોલાવી હોસ્પિટલમાં આઇસીયુંમાં ભરતી કરેલ છે!!

ભરત વૈષ્ણવ
૧૯.૧૦.૨૨.# હાસ્યલેખ

# હલાલ અર્થવ્યવસ્થાનો વિરોધ કરવા માટે 'હલાલ સખતાઈ વિરોધી સમિતિ'ની સ્થાપના !
## હલાલ સર્ટિફિકેશન આ હિંદુઓ પર લાદેલો 'જિઝિયા કર' જ !

- શ્રી. રમેશ શિંદે




હલાલ આ કેવળ ધર્મ સાથે સંબંધિત હોવાને બદલે તે ઈસ્લામી આર્થિક વ્યવસ્થા બની રહી છે. હલાલના માધ્યમ દ્વારા સમગ્ર જગત પર સંપૂર્ણ નિયંત્રણ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. ભારતમાં પર્યાયી સમાંતર અર્થવ્યવસ્થા નિર્માણ કરવામાં આવી રહી છે. માંસથી ચાલુ થયેલું હલાલ આજે ઔષધિઓ, બાંધકામ, કપડાં, પર્યટન ક્ષેત્ર, સ્ટૉક માર્કેટ ઈત્યાદિ સર્વ ક્ષેત્રોમાં ફેલાઈ જઈને વિશ્વની ૨ ટ્રિલિયન યુ.એસ. ડૉલરની અર્થવ્યવસ્થા થઈ ગઈ છે. ભારતમાં ૪ લાખ કરોડ માંસનાં વેપાર પર નિયંત્રણ સ્થાપન કરવામાં આવ્યું છે. ભારતમાં હ્લજીજીઐં, હ્લઢછ જેવી પ્રમાણપત્ર આપનારી સરકારી સંસ્થાઓ હોવા છતાં પણ ધર્મનાં આધાર પર સ્વતંત્ર પ્રમાણપત્ર આપીને પૈસા સંગ્રહિત કરવા અત્યંત ઘાતક છે. એમાંના પૈસાનો ઉપયોગ આતંકવાદી કાર્યવાહીઓ માટે કરવામાં આવે છે. આ હિંદુઓ પર લાદવામાં આવેલો 'જિઝિયા કર' જ કહી શકાય, એવું સ્પષ્ટ પ્રતિપાદન હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય પ્રવક્તા અને 'હલાલ જેહાદ' આ ગ્રંથના લેખક શ્રી. રમેશ શિંદેએ કર્યું. તેઓ બૅંગળુરૂ સ્થિત ભારતીય વિદ્યા ભવન ખાતે થયેલા હલાલ વિરોધી સંમેલન, તેમજ 'હલાલ જેહાદ' અંગ્રેજી ભાષાના આ ગ્રંથના લોકાર્પણ કાર્યક્રમમાં બોલી રહ્યા હતા.

'હલાલ જેહાદ' આ ભારતીય અર્થવ્યવસ્થા પરનું સંકટ ! - શ્રી. ચક્રવતી સુલિબેલે

પહેલાંના સમયમાં શારીરિક આક્રમણો થતા હતા, ત્યાર પછી માનસિક, બૌધિક આક્રમણો થયા. આજે આ બધા કરતાં અધિક અપાયકારક એવું અર્થિક વ્યવસ્થાનું યુદ્ધ ચાલુ છે. આજે દેવસ્થાનમાં પ્રસાદ માટે ઉપયોગમાં લેવામાં આવનારું ગોળ શુદ્ધા હલાલ પ્રમાણિત થયેલું દેખાઈ પડે છે. હિંદુઓનાં પ્રત્યેક આચરણ પર પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવે છે; પરંતુ ઈસ્લામિક આચરણો પર કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત કરતું નથી. હલાલને લીધે ભારતમાંના માંસના ઉદ્યોગમાં રહેલા દલિતોનો બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે. આ આર્થિક યુદ્ધનો આપણે બધાએ જાગરૂકતાથી સામનો કરવો આવશ્યક છે. 'હલાલ જેહાદ' એ ભારતીય અર્થવ્યવસ્થા પરનું સંકટ છે અને આ વર્ષની દિવાળી 'હલાલ મુક્ત દિવાળી' ઊજવીએ, એવું આવાહન યુવા બ્રિગેડના સંસ્થાપક ચક્રવતી સૂલિબેલેએ કર્યું.

હિંદુઓએ કુંભકર્ણની નિદ્રામાંથી જાગી જઈને

હલાલ ષડયંત્રનો નાશ કરવો આવશ્યક ! - શ્રી. કિરણ બેટ્ટદાપુર

હલાલ પ્રમાણપત્ર કોઈપણ સરકારી યંત્રણા આપી નથી રહી; પરંતુ તે ખાનગી મુસલમાન સંસ્થા આપી રહી છે. હલાલ વ્યવસ્થામાં મુસલમાન હોવું અનિવાર્ય છે. આ ભારતીય બંધારણના વિરૂદ્ધ છે. ચેન્નઈ ખાતેની જૈન બેકરીમાં જૈન પદ્ધતિથી આહાર સિદ્ધ કરવામાં આવે છે. અમે ઈંડાનો ઉપયોગ કરતાં નથી, એવું કહેવા માટે તે બેકરી પર કાર્યવાહી કરવામાં આવી. એવું હોય તો હલાલના સંદર્ભમાં કાર્યવાહી શા માટે ન કરવી ? આપણને કુંભકર્ણની નિદ્રામાંથી જાગી ગઈને આ ષડયંત્રનો નાશ કરવો પડશે, એવું આવાહન કર્ણાટક ઉચ્ચ ન્યાયાલયના ધારાશાસ્ત્રી કિરણ બેટ્ટદાપુરે કર્યું.

આપનો નમ્ર,
શ્રી. રમેશ શિંદે
રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ સંપર્ક : ૯૯૮૭૯૬૬૬૬૬

અવસર છે લોકશાહીનો-ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨

# ભારતના ચૂંટણી પંચની નવી પહેલઅને ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીની પ્રતિબદ્ધતા

## પ્રજ્ઞાચક્ષુ મતદારો માટે બ્રેઈલ લિપિમાં બેલેટ શીટ તૈયાર કરાશે અને મતદાર સહાયકની મદદથી પણ તેઓ પોતાનો મત આપી શકશે

ભારતનું ચૂંટણી પંચ અને ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી સુગમ અને સર્વસમાવેશી ચૂંટણીઓની પ્રતિબદ્ધતા સાથે કામ કરી રહી છે ત્યારે દ્રષ્ટિહીન મતદારો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે એક નવીન સુવિધા શરૂ કરવામાં આવી છે. દ્રષ્ટિહીન મતદારોને સહાયકની જરૂરિયાત ઉપસ્થિત ન થાય તે માટે ઈફ્સ્ના બેલેટ યુનિટ પર બ્રેઈલ લિપિમાં ઉમેદવારના અનુક્રમ આપવામાં આવ્યા છે. દ્રષ્ટિહીન મતદારો સરળતાથી મતદાન કરી શકે તે હેતુ માટે ગુજરાતના ચૂંટણી અધિકારી બ્રેઈલ લિપિમાં ડમી બેલેટ શીટ તૈયાર કરાવશે. મતદાનના દિવસે દ્રષ્ટિહીન મતદારો બ્રેઈલ લિપિના ડમી બેલેટ શીટનો ઉપયોગ કરીને સરળતાથી પોતાનો મત આપી શકે છે. જો દ્રષ્ટિહીન મતદાર ડમી બેલેટ શીટની મદદથી મત આપવાનો વિકલ્પ આપે તો પ્રિસાઈડીંગ ઑફિસર દ્વારા મતદારને બ્રેઈલ લિપિમાં ડમી બેલેટ શીટ આપવામાં આવશે. ડમી બેલેટ શીટના લખાણનો અભ્યાસ કર્યા બાદ, મતદારને મત આપવા માટે મતદાન કુટીરમાં જવાની પરવાનગી આપવામાં આવશે. ડમી બેલેટ શીટ વાંચ્યા બાદ આવા મતદારો ઈફ્સ્ના મતદાન એકમ પર લગાડવામાં આવેલ અંકો દર્શાવતા સ્ટીકર પર તેમની પસંદગીના ઉમેદવારના અનુક્રમ વાંચીને તેમનો મત આપી શકશે.

ચૂંટણી સંચાલન નિયમો, ૧૯૬૧ના નિયમ ૪૯(એન)ની જોગવાઈ મુજબ સામાન્ય રીતે દરેક મતદાન મથકે પ્રજ્ઞાચક્ષુ મતદારોને મતદાન સહાયક ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જો દ્રષ્ટિહીન મતદાર ઈચ્છે તો મતદાર સહાયકને મતદાન કુટિરમાં સાથે જવાની છૂટ પણ આપવામાં આવે છે. પરંતુ, આવનાર વિધાનસભા ચૂંટણીમાં દ્રષ્ટિહીન મતદારો બ્રેઈલ લિપિના સ્ટીકર પરથી ઉમેદવારનો અનુક્રમ ઓળખીને પણ મતદાન કરી શકશે.

# ગાંધીનગરના અડાલજ ત્રિમંદિર ખાતે સર્વગ્રાહી શાળાકીય શિક્ષણ મિશન "સ્કૂલ ઓફ એક્સેલન્સનો" શુભારંભ થયો

## રૂપિયા ૧૦ હજાર કરોડના રોકાણ સાથેના દેશના સૌથી મોટા શાળાકિયા મિશનનો શુભારંભ થયો.

સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ માટે ૫૦ હજાર વર્ગખંડ અને ૧.૫ લાખ સ્માર્ટ વર્ગખંડ તેમજ ૨૦ હજાર કમ્પ્યુટર લેબ અને ૫ હજાર અટલ ટિંકરિંગ લેબ્સ બનાવાશે.

રૂ.૧૬૫૦ કરોડના ખર્ચે ૭ હજાર શાળાઓ, ૮ હજાર વર્ગખંડના સુવિધાના કામ ચાલે છે. કુલ ૨૮૮૧ કરોડથી વધુના ખર્ચે ૪ હજાર શાળાઓમાં કુલ ૧૩,૫૦૦ વર્ગખંડ તેમજ અન્ય સંકુલોનું નિર્માણ થશે.

સ્કૂલનો ડ્રોપ આઉટ રેશિયો બે દાયકામાં ઘટીને ૨ થી ૩ ટકા સુધી આવ્યો છે.

રાજયમાં ૨૭ યુનિવર્સિટી વધીને ૧૦૨ યુનિવર્સિટી છે.

ગુજરાતમાં મેડિકલ અને અન્જિયરીંગનો અભ્યાસ ગુજરાતીમાં શરૂ થશે.

રાજય સરકારના બજેટમાંથી રૂ.૫,૫૬૭ કરોડના શાળાના માળખાકીય કામોની અમલવારી તબક્કાવાર થશે. હાલમાં કુલ રૂ.૧૬૫૦ કરોડના ખર્ચે ૭ હજાર શાળાઓ, ૮ હજાર વર્ગખંડના સુવિધાના કાર્યો પ્રગતિ હેઠળ છે. એકંદરે કુલ ૨૮૮૧ કરોડથી વધુના ખર્ચે ૪ હજારથી વધુ શાળાઓમાં કુલ ૧૩,૫૦૦ વર્ગખંડ તેમજ અન્ય સંકુલોનું નિર્માણ થશે.

એક દશક પહેલા ગુજરાતની ૧૫ હજાર સ્કુલોમાં ટીવી હતા.

૨૦ હજાર શાળામાં કોમ્પ્યુટર હતા.

દેશમાં કેન્દ્ર સરકાર ૧૪૫૦૦ સ્કુલ બનાવવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાત પ્રાથમિક સ્કુલનું મુલ્યાકંન કરનારુ દેશનું પહેલુ રાજય છે.

અવસર છે લોકશાહીનો-ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨

# કેન્દ્રીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશનરશ્રી દ્વારા ચૂંટણી સબંધી તૈયારીઓ અંગે વધુ પાંચ જિલ્લાની સમીક્ષા

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ની તૈયારીને અનુલક્ષીને કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આજરોજ બનાસકાંઠા, ખેડા, પાટણ, સાબરકાંઠા અને મહિસાગર જિલ્લાની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

આજરોજ ગાંધીનગર ખાતે આવેલા કેન્દ્રીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશનરશ્રી હિરદેશ કુમાર, પ્રિન્સિપલ સેક્રેટરી એસ.બી.જોશી, ડાયરેક્ટર(એક્સપેન્ડીચર) શ્રી પંકજ શ્રીવાસ્તવ, ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતીએ વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંગે થયેલી તૈયારીની સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી સંદર્ભે વિવિધ પાસાંઓ અંગે વિસ્તૃત માહિતી ઉપસ્થિત સંબંધિત જિલ્લાઓના કલેક્ટરશ્રીઓ અને પોલીસ અધિક્ષકો દ્વારા રજૂ કરાઈ હતી. આ તકે કેન્દ્રીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશનરશ્રી હીરદેશકુમારે ઉપસ્થિત સૌ અધિકારીઓને ચૂંટણીલક્ષી માર્ગદર્શક સૂચનો કર્યા હતા.

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. સાથે જ સ્ટેટ પોલીસ નોડલ ઓફિસરશ્રી નરસિંમ્હા કોમાર સાથે પણ ચૂંટણી સંબંધી તૈયારીઓ અંગે ચૂંટણી પંચના અધિકારીઓ દ્વારા બેઠક યોજવામાં આવી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની આગામી સામાન્ય ચૂંટણીઓની પૂર્વ તૈયારીની સમીક્ષાને લઈ કેન્દ્રિય ચૂંટણી પંચની ટીમ તા.૧૬ ઓક્ટોબરથી તા.૨૦ ઓક્ટોબર સુધી ગુજરાતની મુલાકાતે છે. અત્યાર સુધીમાં ચૂંટણી પંચની ટીમ દ્વારા સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓની ચૂંટણીલક્ષી તૈયારીઓની સમીક્ષા કરી છે. આવતીકાલે કેન્દ્રિય ચૂંટણી પંચની ટીમ સુરતમાં દક્ષિણ ગુજરાતના જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ સાથે સમીક્ષા બેઠક યોજશે.

# કોઈ વ્યક્તિ કે કોઈ સંસ્થા એવી નથી કે સારા વિકાસના કામમાં નડતર ન હોય : પૂર્વ નાયબ મુખ્યમંત્રી

## દરેક વ્યક્તિને કોઈને કોઈ નડતું હોય છે. : નીતિન પટેલ



મહેસાણા,તા.૧૯

વિધાનસભાની ચૂંટણી ટાણે ફરી એક વખત પૂર્વ રાજયના ડેપ્યૂટી સીએમ નીતિન પટેલ એક્શનમાં આવી ગયા છે.

પાટણ ખાતે ગૌરવયાત્રાની જાહેર સભામાં નીતિન પટેલે લવ જેહાદ મુદ્દે ચોંકાવનારું નિવેદન આપીને ખળભળાટ મચ્યો હતો. હવે આજે મહેસાણા ખાતે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું નિવેદન સામે આવ્યું છે.

મહેસાણા ખાતે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોઈ વ્યક્તિ કે કોઈ સંસ્થા એવી નથી કે સારા વિકાસના કામમાં નડતર ન હોય. દરેક વ્યક્તિને કોઈને કોઈ નડતું હોય છે. હું ૧૯૭૫માં પહેલી વખત જયારે નગરપાલિકામાં સભ્ય બન્યો હતો, ત્યારથી કોઈને કોઈ નડતર આવતી જ રહી છે. દરેક વ્યક્તિને કોઈને કોઈ અડચણનો સામનો કરવો જ પડે છે.

નકારાત્મક વ્યક્તિઓને બાજુ પર મૂકીને પ્રજાએ મને સ્વીકાર્યો છે.

મહેસાણામાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે નામ લીધા વિના પોતાનાં વિરોધીઓ પર નિશાન સાધ્યું. તેમણે સ્વીકાર્યું કે નગરપાલિકાથી લઈને વિધાનસભા સુધીની ચૂંટણીઓમાં તેમને કોઈને કોઈ નડ્યું જ છે. નીતિન પટેલે પોતાનાં રાજકીય નડતરો વિશે દેખીતી રીતે કોઈ સ્પષ્ટતા ન કરી, તેઓ વિધાનસભાની ચૂંટણી લડશે કે નહીં, તે પણ હાલ નક્કી નથી. જો કે ચૂંટણી અગાઉ તેમણે પ્રચારનો માહોલ જમાવી દીધો. પાટણમાં ભાજપના કાર્યક્રમમાં તેમણે સ્ટેજ પરથી લવ જેહાદના ષડયંત્ર સાથે સંકળાયેલા તત્વોને પોતાના ચિરપરિચિત અંદાજમાં લલકાર્યા.

ઉલ્લેખનીય છે કે, મંગળવારે પાટણ ખાતે ગૌરવયાત્રાની જાહેર સભામાં ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે લવ જેહાદ મુદ્દે ચોંકાવનારું નિવેદન આપતા ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો.

નીતિન પટેલે જણાવ્યું હતું કે, બેન-દીકરીઓની છેડતી કરે પછી સરકાર કડક થાય તો પછી કહે તમે કોમને હેરાન કરો છો. તો હું એમ કહું છું કે તમે જાત જાતના ફતવા બહાર પાડો છો તો એવો ફતવો કેમ બહાર નથી પડતા કે કોઈએ હિન્દૂ છોકરી સાથે લગ્ન કરવા નહિ, ત્યારે તો મારા બેટા આપણી છોકરીઓને લઈ જઈ ખાનગીમાં નિકાહ પઢાઈ લે છે. તો એ વખતે એવો ફતવો બહાર પાડો.

નીતિન પટેલે ઉમેર્યું હતું કે, મોટા મોટા મૌલાનાઓ, મોટા મોટા મુલ્લાઓ ફતવો બહાર પાડે છે કે બહાર કે કોઈએ હિન્દૂની દીકરી સાથે લગ્ન કરવા નહિ. આ ફતવો બહાર પાડશો તો લવ જેહાદ બંધ થઈ જશે. સરકારની જમીન પર ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવી, દેશદ્રોહી પ્રવૃત્તિ કરી, બેટ દ્વારકા દરિયા પછી પાકિસ્તાનનો દરિયો આવે બોર્ડર પર જયાં સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ ભાજપ સરકાર ચલાવી નહિ લે. એ કોઈ પણ પ્રકારનું દબાણ હોય તે ચલાવી લેવામાં નહિ આવે તેમ જણાવ્યું હતું.

## કેશોદમાં દારૂના કટિંગ વખતે જ દરોડોઃ દારૂની ૫૬૫ પેટી સાથે બેની ધરપકડ; એક ફરાર

રાજકોટ,તા.૧૯

દિવાળીના તહેવારોમાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં દારૂની રેલમછેલ કરી દેવા માટે બૂટલેગરો મેદાને પડી ગયા છે ત્યારે અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં દારૂ ઘૂસાડી પ્યાસીઓ સુધી પહોંચે તે પહેલાં જ દારૂનો જથ્થો પકડી લેવા માટે પોલીસે કમર કસી લીધી છે.બીજી બાજુ દારૂની બદીને ડામી દેવા માટે ફુલ ફોર્મમાં રહેલા સ્ટેટ મોનિટરિંગ સેલે રાજ્યમાં ચારે બાજુ ધોંસ બોલાવવાનું શરૂ કરી દેતાં બૂટલેગરોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. દરમિયાન આજે સ્ટેટ મોનિટરિંગ સેલે કેશોદની અંદર એક ગોડાઉન ભાડે રાખીને ચાલી રહેલા દારૂના કટિંગ વખતે ત્રાટકીને ૫૬૫ વિદેશી દારૂની પેટી સાથે બે શખ્સોની ધરપકડ કરી છે.આ અંગે સ્ટેટ મોનિટરિંગ સેલના ડીવાયએસપી કે.ટી.કામરિયાએ જણાવ્યું કે મુળ બનાસકાંઠામાં રહેતાં યોગેશ જયસ્વાલે કેશોદમાં ગોડાઉન ભાડે રાખીને રાજસ્થાનથી ટ્રક-છોટા હાથી મારફતે દારૂનો જથ્થો મંગાવ્યો હતો.

# નડીયાદ તાલુકા પંચાયત પ્રમુખ સંજયસિંહ મહિડાનો આવતીકાલે જન્મ દિવસ

## ભારતીય જનતા પાર્ટીના લોકપ્રિય યુવા નેતાના જન્મદિવસેવિવિધ સેવાકીય પ્રવૃતિઓનું આયોજન



નડીયાદ,

નડીયાદ તાલુકા પંચાયત પ્રમુખ, ભારતીય જનતા પાર્ટીના ચરોતરના સૌથી લોકપ્રિય યુવાનેતા સંજયસિંહમહિડાનો તારીખ ૨૦.૧૦.૨૦૨૨નેગુરુવારના રોજ જન્મદિવસ છે.

નડીયાદ તાલુકાના કમળા ગામના વતની,વિવિધ સામાજિક અને રાજકીય સંસ્થાઓ સાથે જોડાયેલા ચરોતરના અગ્રણી ઉદ્યોગપતિ સંજયસિંહમહિડા દ્વારા તેમના જન્મદિવસ નિમિતે "અંગદાન મહાદાન" તેમજ જુદી-જુદી સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવશે.

૧૩ ઓગસ્ટ વિશ્વ અંગદાન દિવસ તરીકે ઊજવાય છેત્યારે લોકોમાં અંગદાન માટે જાગૃતિ વધે, તે માટે સ્કૂલ અને કોલેજોના પાઠ્યપુસ્તકોમાં અંગદાન વિષયનો સમાવેશ થાય તો યુવા પેઢી માનવ અંગોનું મહત્વ સમજી શકશે. કોઈ વ્યક્તિ બ્રેઈનડેડ થાય તેના શરીરના મહત્વના અંગો જેવા કે કિડની, લીવર,હૃદય, ફેફસા કે સ્વાદુપિંડ સારી સ્થિતિમાં હોય તો મૃત્યુની રાહ જોઈને બેઠા હોય એવા દર્દીને અંગનું દાન કરવામાં આવે તો નવજીનવન મળી શકે છે.

"અંગ અર્પણ એજ સાચું તર્પણ" ના મુખ્ય ઉદેશ્ય સાથે સંજયસિંહ દ્વારા તેમના જન્મદિવસ નિમિતે "અંગદાન મહાદાન" કાર્યક્રમનું શિવાજી આર્કેડ, કમળા ચોકડી, નડીયાદ ખાતે આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત વિવિધ સામાજિક-રાજકીય અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં યુવાન ભાઈઓ તથા બહેનોને જોડવામાટે અપીલ કરવામાં આવી છે.

બ્રિજેશ ભેડા

મો. ૦૯૫૧૦૭૬૫૪૩૨

# રકતપિત્તગ્રસ્ત દર્દીઓના વચ્ચે દિવાળીની ઉજવણી કરાશે

અમદાવાદ તા.૧૯

સ્વાવલંબન ટ્રસ્ટ તથા લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સંવેદના ના સંયુક્ત ઉપક્રમે રકતપિત્તગ્રસ્ત દર્દીઓના વચ્ચે દિવાળીની ઉજવણી અંતર્ગત રમત ગમત

હરીફાઈ ના વિજેતાઓને ઈનામ વિતરણ તથા જીવન જરૂરી અનાજ કીટ તથા મીઠાઈ નું વિતરણ કાર્યક્રમ સ્વાવલંબન ટ્રસ્ટ ના પ્રમુખ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી ના પ્રમુખ સ્થાને અને ડૉ અનિલભાઈ અગ્રવાલ (ડિસ્ટ્રિક્ટ ગવર્નર ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ બી ૨નાં મુખ્ય મહેમાનપદે તા.૨૧.૧૦.૨૨ શુક્રવારે સાંજે ૪.૦૦ કલાકે કોચરબ આશ્રમ પાલડી ખાતે યોજાશે

# વિધાનસભા ચૂંટણી સંદર્ભે ડાંગના નોડલ ઓફિસરોને MCC/MCMC અંગે તાલીમ અપાઈ




આહવાઃ તાઃ ૧૯: આગામી દિવસોમા વિધાનસભાની યોજાનાર ચૂંટણી અનુસંધાને નિયુક્ત કરાયેલા જિલ્લાના નોડલ અધિકારીઓને, સમગ્ર ચૂંટણી પ્રક્રિયા નિર્વિઘ્ને પાર પાડવા માટે જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમા MCC/ MCMC અંગેની તાલીમ યોજવામા આવી હતી.

ચૂંટણી દરમ્યાનની કામગીરી માટે કાયદો અને વ્યવસ્થા, મેન પાવર, મતદાર જાગૃતિ અભિયાન, ઓબ્ઝર્વર, બેલેટ પેપર, ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ, મીડિયા સંલગ્ન કામગીરી, કોમ્પ્યુટરાઈઝેશન, તાલીમ, અને ખર્ચના નોડલ ઓફિસરોને સમજણ આપવામા આવી હતી.

સાથે જ ચૂંટણી સંલગ્ન કામગીરી સાથે સંકળાયેલા વિભાગો, કચેરી, કર્મચારી/ અધિકારીઓને રાજકીય ગતિવિધિઓથી દૂર રહી, આદર્શ આચાર સંહિતના અમલ બાબતે તકેદારી દાખવવાની સૂચના પણ આપવામા આવી હતી.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી બેઠકમા નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોશી સહિત, આહવા, વઘઈ, સુબીર તાલુકાના મામલતદારશ્રીઓ તેમજ નોડલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર, ડાંગ

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ "ભૂલી બિસરી ટ્રેડિશનલ રેસિપીઝ" થીમ પર ન્યુટ્રીશનલ ફૂડ ફેસ્ટિવલની ઉજવણી કરી



અમદાવાદ, ૧૯ ઑક્ટોબર ૨૦૨૨: આપણા રોજબરોજના ખોરાકમાં પોષક તત્ત્વો મોટા પ્રમાણમાં ઓછા થઈ ગયા છે. સ્વાદ અને ઈન્સ્ટન્ટ્નેસ પ્રાથમિકતા બની ગઈ છે. આપણી પોષક ખાદ્ય પરંપરાને યાદ કરવા માટે સ્વસ્થવૃત્ત અને યોગ વિભાગ, અરિહંત આયુર્વેદિક મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટએ સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનના સહયોગથી 'ભૂલી બિસરી ટ્રેડિશનલ રેસિપીઝ' થીમ પર ન્યુટ્રીશનલ ફૂડ ફેસ્ટિવલનું આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓએ બનાવેલ 'સાત્વિક' વાનગીઓના ૩૫ સ્ટોલ રાખવામાં આવ્યા હતા. ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ પરંપરાગત વાનગીઓનો સ્વાદ ચાખ્યો અને જ્ઞાન મેળવ્યું હતું. આ થીમને વિસ્તારીને અરિહંત ઈન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદે આયુષ મંત્રાલય, ભારત સરકાર દ્વારા ધન્વંતરી જયંતિ (ધનતેરસ) પર ઉજવવામાં આવતા આયુર્વેદ દિવસ માટ'હર દિન હર ઘર આયુર્વેદ' ને અનુલક્ષી વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલી ૧૫ થી વધુ આયુર્વેદિક પ્રોડ્ક્ટસને રજૂ કરવામાં આવી હતી.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી આદિ જૈને જણાવ્યું હતું કે, 'અમે આપણા ખાદ્ય પરંપરાના મહત્વને પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે.

યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઉચ્ચ પોષણ મૂલ્યની જરૂરીયાત સારી રીતે સમજાઈ છે અને આ કોન્સેપ્ટની સ્વીકૃતિને જોતા અમે આ ઈવેન્ટને અમારા વાર્ષિક કેલેન્ડરનો એક ભાગ બનાવવાની ઈચ્છા રાખીએ છીએ.'

## ઉર્જા મંત્રીશ્રી મુકેશ પટેલે ગ્રાહકોને વીજ પુરવઠો ઉપલબ્ધ થાય તે અંગેની અગત્યની સૂચનાઓ આપી



ગાંધીનગર સચિવાલય સ્થિત કાર્યાલય ખાતે વીજ વિતરણ અને પ્રવહન કંપનીઓના મુખ્ય ઈજનેરો સાથે બેઠક યોજાઈરાજ્યના વીજ પ્રવહન અને વિતરણ અંગેની કામગીરી શ્રેષ્ઠ રીતે થાય અને ગુજરાતના વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ ગુણવત્તા સભર વીજ પુરવઠો ઉપલબ્ધ થાય તે અંગેની અગત્યનીતમામ બાબતો ઉપર ચર્ચા વિચારણા કરી અને રાજ્યના વીજ ગ્રાહકોને શ્રેષ્ઠ ગુણવત્તાનો અવિરત વીજ પુરવઠો મળી રહે તે માટે દિશા નિર્દેશ કર્યા આ બેઠક માં તમામ કંપનીઓના મુખ્ય ઈજનેરો ઉપસ્થિત રહ્યા હતા.

# ઇ-વેસ્ટ કલેક્શન અભિયાનને શહેરીજનોનો પોત્સાહક પ્રતિસાદ




ઈવેસ્ટ કલેક્શન દિવાળી-અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા ગાંધીનગરજનોનો ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અત્યાર સુધીમાં ઘણા નાગરિકોએ ઈ-વૅસ્ટ જમા કરાવ્યો છે. આ અભિયાનને શહેરીજનોનો પોત્સાહક પ્રતિસાદ સાપડી રહ્યો છે.સાથો સાથ ગાંધીનગરની જાણીતી સંસ્થાઓ જેવી કે ગાંધીનગર સમાચાર,ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, નેચર ફર્સ્ટ,ગાંધીનગર. લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના,રેડ ક્રોસ સોસાયટી,ગાંધીનગર.આત્મન ફાઉન્ડેશન ગાંધીનગર,જ્યોતિ મહિલા મંડળ,ગાંધીનગર,રોટરી ક્લબ ઓફ કેપિટલ,ગાંધીનગર,ત્ર.જી.૨-સંગીની ફોરમ,ગાંધીનગર, ઉમિયા માતાજી સંસ્થાન,ગાંધીનગર, સૌરાષ્ટ્ર કરછ સેવા સમાજ,ગાંધીનગર,સત્યમ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરમાં સેવારત અન્ય સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ પણ સ્વૈછિક સંસ્થાઓનો પણ સહયોગ સાંપડી રહ્યો છે. હજુ પણ જો કોઈ નાગરિકોને ઈ-વેસ્ટ (ઈલેક્ટ્રોનિક અને ઈલેક્ટ્રિક ) જમા કરાવવો હોય તો ૨૨/૧૦/૨૦૨૨ સુધી સવારે ૧૦:૩૦થી સાંજના ૪:૩૦ દરમિયાન નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, બ્લોક નંબર-૬૧/ ૧,ઘ-ટાઈપ ,સેક્ટર-૨૩,ગાંધીનગર ખાતે સ્વીકારવામાં આવશે. તેમજ જમા કરાવેલ ઈ-વેસ્ટનું નિયમ મુજબ ટોકન વળતર તથા પહોચ પણ આપવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK